


# સનાતન સારથિ ગુજરાતી

ઓક્ટોબર-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

ॐ


PHONE: KOTHACHERUVU 30
WHITEFIELD 33

BHAGAWAN SRI SATHYA SAI BABA

PRASANTHI NILAYAM (A.P.)

Date.............

10 Hislop



I The best method of spreading Vedanta Philosophy is to live it; there is no other royal road.

II Let God work through you, and there will be no more duty. Let God shine forth, Let God show Himself. Live God, eat God, drink God, breathe God. Realise the truth and the other things will take care of themselves.

III True Love expands the Self; attachment contracts it.

IV Heaven is within you. Seek happiness not in the objects of senses; realise that happiness is within yourself.

V There is no rose without a thorn. Unmixed happiness is not to be found in this material world; all happiness is in Self Supreme.

VI In the lowest worm as well as in the highest human being, the same divine nature is present. The worm is the lower form in which the divinity has been more overshadowed by Maya. That is the highest form in which it has been least overshadowed. Behind everything, the same divinity is existing, and out of this comes the basis of morality.

With Blessings
Baba.

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા

ફોન- કોત્તાચેરૂવું - ૩૦
વ્હાઈટફિલ્ડ - ૩૩
પ્રશાંતિનિલયમ્ (આંધ્રપ્રદેશ)

પ્રતિ - હિસ્લોપ

1 વેદાંત તત્વજ્ઞાનના પ્રસાર માટેની શ્રેષ્ઠ પદ્ધત્તિ છે કે તેને જીવી બતાડવું (જીવનમાં ઉતારવું) આના સિવાય બીજો કોઈ રાજમાર્ગ નથી.

2II. ભગવાનને તમારા મારફત જ કામ કરવા દો, અને પછી કોઈ ફરજ બાકી નહી રહે. ભગવાનને પ્રકાશવા દો. ભગવાનને પોતાની જાતને દૃશ્યમાન થવા દો. ભગવાનને જ જીવો, ભગવાનને ખાઓ, ભગવાનને જ પીઓ, ભગવાન જ શ્વસિત કરો. આ સત્યને અનુભવો, બસ, પછી બીજી બધી બાબતો એની મેળે થતી રહેશે.

3III. સાચો પ્રેમ 'સ્વ'ને વિસ્તરિત કરે છે; આસક્તિ/અનુરાગ સંકોચે છે.

4IV.સ્વર્ગ તમારી અંદર જ છે. ઈન્દ્રિયોની અંદર આનંદ શોધશો નહીં. ખાતરી કરો કે સાચો આનંદ તમારી અંદર જ નિહિત છે.

5V. કાંટા વગર ગુલાબ હોઈ જ ન શકે. શુદ્ધ આનંદ (ભેળસેળ વગરનો આનંદ) આ ભૌતિક દુનિયામા શોધશો જ નહીં; બધો આનંદ 'સ્વ'નિહિત જ છે (સેલ્ફ સુપ્રીમ).

6VI.સુક્ષ્મ કીડામાં કે પછી માનવ જેવી (ઉચ્ચત્તમ) યોનીમાં એક જ દિવ્ય તત્વ હાજર છે (રહેલ છે) કીડો-એક નિમ્ન કક્ષાનું સ્વરૂપ છે જેમાં, દિવ્યતાને માયાના વધારાના ઓળા (પડછાયા)એ ઢાંકી દીધો છે.

તે એક શ્રેષ્ઠ સ્વરૂપ છે કે જેમાં તે ઓછા આવરણથી ઢંકાયેલો છે. દરેકની પાછળ, એક જ (એની એજ) દિવ્યતા રહેલી છે; અને આમાંથી જ નૈતિકતાનું મૂળ આવે છે.

- આશીર્વાદ સહ
બાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૧૦**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦


લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની, સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**

**સનાતન સારથિ દરમાસની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**



ઈશ્વર ક્યાં છે એવું જ્યારે પુછવામાં આવે છે ત્યારે લોકો આકાશ તરફ આંગળી ચીંધે છે અથવા કેટલાક દૂર અંતરના સ્થળોનો નિર્દેશ કરે છેઃ 'તે' પોતાની જાતને પ્રગટ કરતા નથી તેમાં કાંઈ નવાઈ નથી! 'તે' તો તમારી અંદર જ છે, સાથે છે, પાછળ છે અને તમારી ચોતરફ છે એવું અનુભવો. અને પછી એ બધે જ દૃશ્યમાન થશે અને દરેક ઠેકાણે અનુભવાશે.

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

## અનુક્રમણિકા...

| પા.નં. | |
|---|---|
| ૪ | **સત્યના સંગે તમારૂ જીવન જીવો** – અવતાર વાણી |
| ૬ | **દેવીપુજા-શક્તિપૂજાનો હેતુ શો ?** – ભગવાનનો દશેરા સંદેશ |
| ૧૦ | **દિવ્યતા સંગ મારો મેળાપ અને અનુભવ** – દેબાશિષ મુકરજી |
| ૧૬ | **દિવ્ય માલિક / દૈવી ગુરૂ સાથે મંત્રમુગ્ધ કરનારી ક્ષણો** – રાણી સુબ્રમણ્યન્ |
| ૨૧ | **પાંડવોનું દુઃખ** – ભાગવત વાહિની - પ્રકરણ ૧૧ |
| ૨૪ | **ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો** – ડૉ. ગોતેતી સરસ્વતી |
| ૨૭ | **સાઈ – અમારું એકમાત્ર આશ્રયસ્થાન** – ડૉ. જી. એસ. શ્રીરંગરાજન |
| ૩૩ | **પ્રશાંતિ નિલયમ ખાતે ઉજવણી – અહેવાલ** |

Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

અવતાર વાણી

# સત્યના સંગે તમારૂ જીવન જીવો

## ભગવાનને કદીયે વિસરશો નહીં

આધ્યાત્મિક આનંદના મુમુક્ષુઓએ ચાર બાબતોનું પાલન કરવાનું છે, પ્રથમ તો, તેમણે દુ:સંગથી દૂર રહેવું; બીજું, બૂરાં વિચારોથી દૂર રહેવું; ત્રીજું, સત્કર્મો કરવા; ચોથું, દુનિયાદારીમાંથી મનને વાળીને ભગવાન સમીપ લઈ જવું.

**દુ:સંગ અને બૂરા વિચારોથી પર થઈ જાવ.**

મનુષ્યે પીડા એટલા માટે ભોગવવી પડે છે કે તે ખરાબ સોબતમાં રહે છે અને મનમાં બૂરા વિચારોને આશ્રય આપે છે. તેમ ન થાય તે માટે બૂરો સંગ જ છોડી દો, કેમ કે તે આધ્યાત્મિક મુમુક્ષુ માટે ખતરાનું કારણ બની રહે તેમ છે. ખરાબ સોબત એટલે શું ? તે એવા લોકોનો સંગ છે જેમનામાં માનવીય ગુણોનો અભાવ છે અને અહંકાર, ઈર્ષ્યા તથા સ્વાર્થ જેવા અનિષ્ટ ગુણોને આશ્રય આપે છે. ખરાબ સોબતને કારણે મનુષ્ય માનવીય ગુણો ગુમાવે છે, એટલું જ નહીં, બલકે, તેનામાં ભીતર રહેલા સદ્વિચારો અને સારી ભાવનાઓ પણ ખરાબ સોબતના પ્રભાવને પરિણામે ખરાબ થઈ જાય છે. ચોરનો સંગ કરનારો આખરે ચોર જ બની જાય છે. પવિત્ર હૃદય ધરાવતી સદ્ગુણી વ્યક્તિ જો ખરાબ સંગે ચઢી જાય તો તેના હૃદયની પવિત્રતા અને સદગુણોને ખોઈ બેસે છે. તેથી જ ખરાબ સોબતથી સો યોજન દૂર રહેવું અને નાસ્તિકો તેમજ નકારાત્મક વિચારો ધરાવનારાઓનો કદીયે સંગ કરવો નહીં.

ભગવાન સમગ્ર બ્રહ્માંડનો મૂળભૂત આધાર છે તે મનુષ્યે ક્યારે પણ વીસરવાનું નથી. પરંતુ, તે પાયાના સત્યને ભૂલી જાય છે, કારણ કે તે આજકાલના પૂરપાટ ધમધમ દોડતા જગતનું અનુસરણ કરે છે. જીવનનું ધ્યેય શું છે તે જાણવું મનુષ્યની પ્રાથમિક ફરજ છે. તેણે માનવ-જન્મના મૂલ્યને સમજવાની અને તેનાં જીવનનાં લક્ષ્યને હાંસલ કરવાની જરૂર છે. તેણે લગીરે સમય વેડફવાની જરૂર નથી. સમય-(કાળ)-ભગવાન છે. પીગળતા બરફની જેમ જિંદગી વીતતી જ જાય છે. સમય તો ભાગતો જ જાય છે. મનુષ્ય પાસે સમય અને જીવન-ચેતન-છે ત્યારે તેનાં જીવનનાં લક્ષ્યને મેળવી લેવાની જરૂર છે. શરીર અંતરસ્થ ઈશ્વરને જાણવાનું સાધન છે. તેથી, ઈશ્વરને-અંતરસ્થ-ને જાણવા માટે શરીરનું રક્ષણ કરવાનું રહે છે.

મહાભારતની કથામાં, કર્ણ-સદ્ગુણો અને મહાદાની તરીકે પ્રખ્યાત છે. પરંતુ, જ્યારે તે દુષ્ટ કૌરવોના પક્ષે જોડાય છે ત્યારે તેના સદ્ગુણો અને ભલાઈને ખોઈ બેસે છે. તેથી આવો ઉમદા અને શૂરવીર કર્ણ પણ ખોટા સંગને કારણે ધૃણાસ્પદ બની જાય છે અને તેને પરિણામે તે તેના તમામ સામર્થ્ય અને શક્તિને ગુમાવી દે છે. આ જગતમાં કોણ ઉમદા વ્યક્તિ છે અને કોણ દુષ્ટ વ્યક્તિ છે તે જાણવું દુષ્કર થઈ ગયું છે. પરંતુ, વ્યક્તિને તેના કર્મો, વર્તન-વ્યવહાર અને વાણીથી ઓળખી શકાય છે.

**સત્કર્મો માટે વિલંબ કરશો મા.**

સાચી આધ્યાત્મિકતા, બૂરા અને પાશવી ગુણો નિર્મૂળ કરવામાં અને સદ્ગુણો વિકસાવવામાં રહેલી છે. તે પછી જ, મનુષ્ય દિવ્યતા પ્રાપ્ત કરી શકે. માત્ર જપ-ધ્યાન આધ્યાત્મિક પ્રગતિ માટે પર્યાપ્ત નથી. જગતની અંદરના તમામ જીવ-જંતુઓમાં મનુષ્ય જ સર્વોત્તમ (ઉમદા) છે કેમ કે ભગવાને તેને જ સારું-નરસું, હંગામી-કાયમી તથા ખરું અને ખોટું શું છે તે જાણવાની વિવેકશક્તિ પ્રદાન કરેલી છે. તેને બુદ્ધિ અને જ્ઞાનની બક્ષિસ મળેલી છે. આવા બધા ગુણોને કારણે જ મનુષ્ય પશુ-પક્ષી તથા

અન્ય પ્રાણીઓ કરતાં અલગ છે. ખોરાક, નિદ્રા, ભય અને પ્રજનન બંને મનુષ્ય અને પશુ માટે સામાન્ય છે, પરંતુ મનુષ્ય પાસે ઉચ્ચ મગજ-મન-છે, તેથી જ, તેને મનીષી (મનુષ્ય) કહેવામાં આવે છે. મનુષ્યના વિચારો તેની બુદ્ધિમાંથી ઉદ્દભવે છે અને તેની વર્તણૂક તેના વિચારોને અધીન છે. જે ખોટા માર્ગનું અનુસરણ કરે છે તેને ખોટા અને નકારાત્મક વિચારો જ આવશે. આવી વ્યક્તિ કદી પણ દિવ્યતાને ઓળખી-સમજી-શકશે નહીં. માટે જેઓ ભગવાનને માનતા નથી તેવા દુષ્ટ લોકોની સોબતથી દૂર જ રહો, નહીં તો તમારે દુઃખ ભોગવવાનો વારો આવશે. એક સર્પના મુખમાં વિષ હોય છે પણ દુષ્ટ માનવીના એકેએક અંગમાં ઝેર ભરેલું હોય છે. માટે ભલાઈ અને અધ્યાત્મિકતાની વિરુદ્ધ હોય તેવા દુષ્ટ લોકોથી દૂર રહેવું. ઉત્કૃષ્ટ-ઉમદા-માર્ગને વળગી રહેનારાઓનો જ સત્સંગ રાખવો. સત્ એટલે જે કદી બદલાતો નથી અને જે કંઈ બને છે તેનાથી પ્રભાવિત થતો નથી તે જીવ. તે સદૈવ સાચું હોય છે. માટે જીવનમાં હંમેશાં સતનું અનુસરણ કરો; પરિવર્તન પામતા જગતની પાછળ દોડશો મા. અને તે માટે પવિત્ર અને ઉમદા લોકોનો જ સંગ કરવો. તે તમારી અભ્યંતર આધ્યાત્મિકતાને વિકસાવવા અને દુન્યવી વિચારોને બહાર કાઢવામાં સહાય કરશે.

કર્ણ તેની સખાવત કરવાની વૃત્તિ વિશે જગવિખ્યાત છે. તેણે કદીયે કોઈને પણ કશુંયે આપવા નન્નો ભણ્યો નહોતો. એક વખત કર્ણ તેના મસ્તકમાં તેલ નાખી રહ્યો હતો અને ડાબા હાથમાં તેલ માટેનો સોનાનો કપ પકડેલો હતો. તેવામાં એક બ્રાહ્મણ તેના પુત્રના લગ્ન માટે મદદ માંગવા આવી પહોંચ્યો. કર્ણે તુરંત તેના ડાબા હાથમાં પકડી રાખેલો સોનાનો કપ તે બ્રાહ્મણને આપી દીધો. પરંતુ, પેલા બ્રાહ્મણે કહ્યું કે ડાબા હાથે મદદ કરવાને બદલે જમણા હાથે સુવર્ણ-કપ આપો તે યોગ્ય કહેવાય. કર્ણે વિચાર કર્યો, " મન અત્યંત ચંચળ છે અને સદા વિચારો બદલતું રહે છે. ડાબા હાથમાંથી જમણા હાથમાં સોનેરી કપ લઈને આપવા જાઉં ત્યાં સુધીમાં મારું મન કદાચ બદલાઈ પણ જાય ! કયા હાથનો ઉપયોગ કરવો તે વિષે વિચાર કરવાને બદલે હૃદયપૂર્વક અંતઃસ્ફુરણાથી બ્રાહ્મણને આપી દેવું બહેતર છે." કોઈ માણસ ગરીબને દસ રૂપિયાની નોટ આપવાનું વિચારતો હોય પણ ગજવામાંથી દસની નોટ કાઢવા જાય ત્યાં સુધીમાં તેનું મન કદાચ બદલાઈ પણ જાય અને તેવા સમયે કદાચ બે રૂપિયા જ આપે ! આના માટેનું કારણ મનુષ્યની આસક્તિ છે. દાન અને ધન વચ્ચેનો તફાવત આ છે. માટે, રાત હોય કે દિવસ હોય, તેની ચિંતા કર્યા વિના, તુરતાતુરત સત્કાર્ય કરી નાખવું જોઈએ. સત્કર્મ કરવામાં વિલંબ કરવો જ નહીં. તમારી પાસે ગમે તે સમયે કોઈ આવે તો તેનું તમારે સારું જ કરવું જોઈએ. સત્સંગનો સાચો અર્થ આને કહેવાય.

**<u>ભગવાનનું સામીપ્ય અને વહાલ પ્રાપ્ત કરો.</u>**

આપણે માનીએ છીએ કે અન્યોની મદદ કરવી એ પરોપકાર છે. પરોપકાર શબ્દમાં ત્રણ અક્ષરો છે : પર, ઉપ, કાર. તેમાં પર એટલે આત્મા અને ઉપ એટલે સમીપ. તેથી, પરોપકારનો ખરો અર્થ આત્માની સમીપ જવું. બધામાં આત્મા એક જ છે માટે તમને ખ્યાલ આવે છે કે તમે બધા લોકોની સમીપ છો. દુન્યવી દ્રષ્ટિએ પરોપકાર એટલે દાન અને બીજાને મદદ કરવી, પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ પરોપકાર એટલે ભગવાનનું સામીપ્ય અને વહાલ. પરોપકારનો સાર છે ભક્તિ. સાચો ભક્ત માને છે કે તે પોતે જ આત્મા છે. પરંતુ, મનુષ્ય પોતાને મર્યાદિત માને છે અને સ્વયં એક વકીલ, વ્યાપારી વગેરે, વગેરે, હોવાનું માને છે, જ્યારે સત્ય એ છે કે તે પોતે જ આત્મા છે. બધામાં એક જ આત્મા છે તેથી, તે દરેકની નિકટ જ છે એવું વિચારીને મનુષ્યે સદૈવ યોગી રહેવું જોઈએ. પરંતુ, મનુષ્ય ભેદ નિહાળે છે. લોકો જ્યારે પવિત્ર ગર્ભગૃહમાં હોય

છે ત્યારે એક રીતે વર્તે છે અને જ્યારે ડાઈનીંગ હોલમાં હોય છે ત્યારે બીજી જ રીતે વિચારે છે. મનુષ્યનું જીવન પસાર થતાં વાદળાંઓ જેવું છે. તે નિરંતર પરિવર્તન પામતું રહે છે. જેમ દિવસમાં સવાર, બપોર અને સાંજ હોય છે તેમ જીવનમાં પણ બાળપણ, યુવાની અને ઘડપણ હોય છે. બાળપણમાં તેને ચાર પગ હોય છે કેમ કે તે ઘૂંટણીયે ઘસડીને ચાલે છે ! યુવાનીમાં બે પગ હોય છે અને ઘડપણમાં દેખીતી રીતે ત્રણ પગ હોય છે કેમ કે તે ચાલવા માટે લાકડીનો ઉપયોગ કરે છે. મનુષ્યે જીવનની ક્ષણિક પ્રકૃતિને પિછાણવાની છે અને ભગવાનની સમીપ રહેવાની અને વહાલા બની રહેવાના પ્રયાસો કરવાના છે. ભગવાનનું સામીપ્ય અને વહાલ પ્રાપ્ત કરનારાઓ ખરેખર નસીબદાર છે. ઈશ્વરીય-ભગવદીય-ભાવ સાથે દરેક કાર્ય કરવું અને ભગવાનની સમીપ હોવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત કરવું. (વધુ આવતા અંકે......)

**(તા. ૧૧મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન)**

### ભગવાનનો દશેરા સંદેશ

# દેવીપુજા-શક્તિપૂજાનો હેતુ શો ?

૫ ઓક્ટોબર ૧૯૯૨ ના દિને પોતાના દિવ્ય પ્રવચનમાં ભગવાને કહ્યું હતું, " મોટાભાગના બુદ્ધિજીવીઓ-બૌદ્ધિકો બુદ્ધિની ઉત્કૃષ્ટ સર્વોચ્ચતાને સમજતા નથી અને પોતાની જન્મજાત દિવ્યતા-દિવ્યત્વની અવહેલના કરતા હોય છે. બુદ્ધિ તો ભગવદીય પ્રસાદ છે જે માનવ અંતર્ગત રહેલ છે અને સદાય માનવ મનને ઉજ્જ્વલિત કરતી રહે છે. શ્રીમદ્દ ભગવદ્દ ગીતા કહે છે, બુદ્ધિ થકી જ આપણી ઈન્દ્રિયો ઊર્ધ્વગામી બને છે. બુદ્ધિ દિવ્યત્વ સાથે જોડાયેલ છે. આજે જે બુદ્ધિમતા અનુભવાય છે તે તો દિવ્યત્વથી વિમુખ થયેલ તત્વ છે તે બુદ્ધિ સાચી બુદ્ધિ નથી જ."

**<u>બુદ્ધિનું વાસ્તવિક સ્વરૂપ (લક્ષણ) તો દિવ્યત્વ જ છે</u>**

શ્રીમદ્દ ગીતાજીમાં કહેવાયું છે કે નિત્ય-સનાતન પરમ આનંદની પ્રાપ્તિ બુદ્ધિ દ્વારા ઉર્ધ્વગમ્ય થતી ઈન્દ્રિયો દ્વારા જ પ્રાપ્ત થાય છે. આપણી ભૌતિક ઇન્દ્રિયો દ્વારા સાચા સુખની પ્રાપ્તિ થતી જ નથી. ઈન્દ્રિયાતીત આનંદ છેતરામણાં અને ક્ષણજીવી હોય છે. પરમ સુખ જ નિત્ય અને સાચું છે. બુદ્ધિ દ્વારા જ માણસ આનો અનુભવ કરી શકે છે. બુદ્ધિ-કૌશલ્ય, પ્રમાણિકતા-નિષ્ઠા અને દ્રઢ સંકલ્પો થકી જ ચરિતાર્થ થાય છે.

માનવી દ્વારા સામાન્ય જીવન પ્રવાહમાં ભોગવાતા સુખ અને આનંદ એ સર્વ ઇન્દ્રિયોને આધીન છે. વિષય સુખ તો બેશક જ ઝેર-વિષ સમાન છે; તે અમૃત સુખ નથી જ.

માણસે સાચા અને સનાતન સુખની ખોજ કરવી રહી જે બુદ્ધિ થકી પ્રાપ્ત થાય છે. તૈત્રીય ઉપનિષદમાં બુદ્ધિના લક્ષણ વિગતવાર સમજાવવામાં આવ્યા છે. બુદ્ધિની તુલના પક્ષી સાથે કરતાં ઉપનિષદ્દ કહે છે કે પક્ષીનું મસ્તક એ શ્રદ્ધા છે. સત્યમ્ અને ઋતમ્ એ બંને પક્ષીની પાંખો છે. યોગ તેની પૂંછ છે. જ્યારે સમગ્ર દેહ મહત તત્વ છે. શ્રદ્ધા, સત્યમ્ ઋતમ્ યોગ અને મહત્ આ પાંચેય બુદ્ધિના અંગો છે.

આ બધામાં શ્રદ્ધા પ્રથમ સ્થાને છે. શ્રદ્ધા વિના માણસ કોઈ પણ સિદ્ધિ મેળવી શકે નહીં. આપણાં સર્વ દૈનિક વ્યવહારો શ્રદ્ધા થકી જ આચરાતા હોય છે. 'શ્રદ્ધાવાનમ્ લભતે જ્ઞાનમ્' - " દ્દઢ શ્રદ્ધા થકી જ જીવનમાં સાચા જ્ઞાન અને વિવેકની પ્રાપ્તિ થાય છે." આ ગીતાનું કથન છે. આટલું જ નહીં પરંતુ ગીતાએ તો જાહેર કર્યું છે કે બુદ્ધિ અને શ્રદ્ધા તો ભગવાનના જ સ્વરૂપો છે એટલે બુદ્ધિની ગણતરી માણસના જીવનમાં એક સાધારણ વસ્તુ છે એમ

માનવું ન જોઈએ. શ્રદ્ધા, સત્યમ્, ઋતમ્, યોગ અને મહત્ તત્વ (સર્વોચ્ચ સિદ્ધાંત) સાથે સંકળાયેલ બુદ્ધિને સામાન્ય સમજવી એ આપણા ભૌતિક દ્રષ્ટિબિંદુની ઉપજ છે.

**મનની ચતુરાઈ ઉપર બુદ્ધિનું પ્રભુત્વ.**

બુદ્ધિની તુલના મેધા શક્તિ (મનની ચતુરાઈ) સાથે કરવી જોઈએ. મેધા શક્તિ પર બુદ્ધિનું સામર્થ્ય-પ્રભુત્વ એ વિષય પર રાજા વિક્રમાદિત્યે પોતાના દરબારી પંડિતો સાથે અભ્યાસ સંમેલન યોજ્યું હતું અને તેમાં વિધિવત જાહેરાત કરવામાં આવી હતી કે મનની ચતુરાઈ કે હોશિયારી પર સમગ્રતયા બુદ્ધિનું જ પ્રભુત્વ રહેલું છે. બુદ્ધિ વિના આ પાંચેય મહત્વના તત્વો તથા સર્વ માનવીય પ્રક્રિયાઓ પણ રસ વિનાના ફળ, ફળ વિનાના વૃક્ષ ને દિવાની જ્યોત વિનાના મંદીર જેવા નિરર્થક છે. મોટાભાગના બૌદ્ધિકો આજે અંતરગત્ બુદ્ધિની અવહેલના કરી માત્ર પોતાની હોશિયારી-ચતુરાઈ પર આધાર રાખી પોતાની અંદર રહેલ દિવ્ય બુદ્ધિતત્વની જ ઉપેક્ષા કરી રહ્યા છે. બુદ્ધિ તો માનવીને જન્મજાત સંપન્ન થયેલ દિવ્ય તત્વ છે જે સદાય ઝળહળતું જ રહે છે. ગીતા જાહેરમાં કહે છે કે સર્વ ઐહિક-ઈન્દ્રિયાતીત તત્વોથી ઉત્કૃષ્ટ રહી છે અને તે દિવ્યતા સાથે જ સંકળાયેલ છે. જેને બુદ્ધિ તત્વ કહેવામાં આવે છે તે તો દિવ્ય-પરમતત્વથી છૂટું પડેલ અંગ છે-તે સાચી બુદ્ધિ નથી જ. આજની કહેવાતી બુદ્ધિ પ્રતિભા તો મર્યાદિત છે. તેને મર્યાદા છે અને તે સદંતર સ્વાર્થપ્રેરિત છે. અને તેથી જ માણસ દ્વારા કહેવાતી વિવેકબુદ્ધિ તો નિજી સ્વાર્થ માટે જ વપરાતી હોય છે. માણસના સર્વ આચરણો-સર્વ ક્રિયા પ્રવૃત્તિઓ સ્વાર્થના હેતુસર જ થતા હોય છે. પરંતુ પરાર્થ (અન્યોના હિત-કલ્યાણ) માટે અંશ માત્ર પણ ઉપયોગ થતો નથી. સ્વાર્થવિહીન થતી પ્રવૃત્તિઓ માનવીને મુક્તિ(તારકમ્) સુધી દોરી જાય છે. જ્યારે સ્વાર્થ હેતુ લક્ષી પ્રવૃત્તિઓ તેને નશ્વરતા(મારકમ્) તરફ દોરી જાય છે. એટલે આ બે વચ્ચેના તફાવતને સમજવાની આવશ્યકતા છે. આત્મભાવ ને અનુલક્ષીને થતા સર્વ કાર્યો મોક્ષદાયક જ બને છે જ્યારે પાર્થિવ-લૌકિક કે ભૌતિક પ્રવૃત્તિઓ સ્વ-વિનાશમાં જ પરિણમે છે.

**મંત્રસ્તવનનો હેતુ.**

અગાઉના સમયમાં કેટલાક લોકો જમતા પહેલાં- અન્ન ગ્રહણ કરતા પહેલાં મંત્રગાન કરતા. 'અન્નમ્ બ્રહ્મ, રસો વિષ્ણુ, ભોક્તો દેવો મહેશ્વર.' આ મંત્રજાપ કર્યા પછી જ તેઓ અન્નાહાર કરતા. આ સ્તવનનો હેતુ એ હતો કે " જે અન્નનું આપણે ભોજન કરીએ છીએ તે સર્વ સાત્વિક પ્રવાહીમાં રૂપાંતર થઈ જાય અને શરીરના કોણે કોણમાં વ્યાપી જાય અને સત્વદાયક બને.' જે પરમ શક્તિ આપણને પ્રાપ્ત થાય તે શક્તિનો સદુપયોગ, સત્કાર્યો માટે થાય. આપણા વિચાર અને વાણી પવિત્ર શુદ્ધ બને. એ સાત્વિક શક્તિ મનને યોગ્ય સમયે યોગ્ય ઉપયોગ કરવા માટે પ્રેરે. આપણા વિચારોને અનુકૂલીત વાણી ઉદ્દભવે એવી શક્તિ પ્રાપ્ય બને.

આપણો આહાર ભૌતિક રૂપે આપણા દેહની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે છે. પરંતુ તેનું સુક્ષ્મરૂપ તો મન સુધી પહોંચે છે અને એ જ સૂક્ષ્મ સાત્વિક તત્વ આપણી વાણીમાં પ્રગટ થાય છે.

મન ખાસ કરીને વિષ્ણુ સાથે અને વાણી(વાચા) શિવ સાથે સંબંધિત છે. અને પ્રાણ બ્રહ્મા સાથે સંકલિત છે. આ ત્રણેય તત્વોનો નિરર્થક ઉપયોગ ન થવો જોઈએ તેનો યોગ્ય સદુપયોગ થવો જોઈએ. વાકશક્તિનો ઉપયોગ સત્ય બોલવા માટે થવો જોઈએ. મનને પવિત્ર માર્ગે વાળવું જોઈએ. માનવદેહનો ઉપયોગ નીતિની પ્રાપ્તિ અર્થે જ થવો જોઈએ. **શરીર માધ્યમ્ ખલુ ધર્મ સાધનમ્.** સદાચાર અર્થે જ પ્રભુએ માનવદેહ આપણને દીધો છે. અને આ રીતે મન, વાણી અને શરીર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના જ સ્વરૂપો છે.

**સત્યમ્ અને ઋતમ્- માનવજીવનના અતિ પ્રાણદાયક તત્વો છે.**

જો, લોકો આજે નિરર્થક અને અપવિત્ર પ્રવૃત્તિઓમાં રચ્યાચપચ્યા રહે તો તેઓ આ દિવ્ય પ્રસાદની બરબાદી કરી રહ્યાં છે. કોઈપણ કાર્ય કરતા પહેલાં માણસે પ્રાર્થના કરવી જોઈએ- " મારા

કૃત્યો પવિત્ર હોય, મારી વાણી અન્યોને ઉપકારક બને, હાનિકારક ન બને અને મારા વિચારો, પવિત્ર, ભગવદીય અને સહેતુક બને."

પહેલાંના સમયમાં રાજા અને પ્રજા પ્રાર્થનાસભર વ્યવહારથી જીવનને પવિત્ર-સાર્થક બનાવતા. જીવનમાં બે બાબતો જીવનદાયક છે; સત્યમ્ અને ઋતમ્ (વિચાર વાણી અને વર્તનમાં એકવાક્યતા). ઘણા લોકોમાં આ ત્રણ તત્વોની ઐક્યતાનો અભાવ હોય છે. આનું એક કારણ એ છે કે માણસોએ તેમની બુદ્ધિને પ્રદુષિત બનાવી દીધી છે. જે રીતે એક ફાનસ હોય તેની ચીમની અંદરના ભાગે જ્યોતના કારણે ઉત્પન્ન થતી મેશના કારણે અને બહારના ભાગેથી ધૂળના કારણે ઝાંખી થઈ ગઈ હોય છે તેથી પ્રકાશની સાચી અસર વરતાતી નથી. જો અંદરની મેશ અને બહારની ધૂળ દૂર કરવામાં આવે તો દિવાનો મૂળ પ્રકાશ અનુભવી શકાય. બુદ્ધિની બાબતમાં અહંકાર રૂપી મેશ અને આસક્તિ રૂપી ધૂળ નકારાત્મક ભાગ ભજવે છે. આ બંને જો દૂર થાય તો બુદ્ધિ પૂર્ણ પ્રકાશ રેલાવી શકે.

**<u>અહંકાર અને આસક્તિનો પ્રભાવ.</u>**

અહંકાર અને આસક્તિથી ઉચ્ચ કોટિના સાધકો કે તપસ્વીઓના જીવન પણ શી રીતે પ્રભાવિત થાય છે તેની વાસ્તવિક સમજ આપતો એક પ્રસંગ આદિ શંકરાચાર્યજીના જીવનનો છે; મહાપંડિત એવા શ્રી મંડન મિશ્ર અને શંકરાચાર્યજી વચ્ચેની ચર્ચા-સંવાદનો છે જેમાં મંડન મિશ્રના પત્ની ઉભય ભારતીએ ન્યાયાધીશનો ભાગ ભજવ્યો હતો અને ચર્ચાના અંતે શંકરાચાર્યને વિજેતા ઘોષિત કર્યા અને મંડન મિશ્રએ સન્યાસ ધારણ કર્યો. તે પછી ઉભયભારતીએ પોતે મંડન મિશ્રની અર્ધાંગિનીના નાતે પોતાને પડકારવાની શરત શંકરાચાર્ય સમક્ષ મૂકી. આ ચર્ચામાં હારી જતાં તેમણે પણ સન્યાસ સ્વીકાર્યો. એક દિવસ ઉભયભારતીએ એક સાધુને માથા નીચે તકિયા તરીકે વાસણ મૂકીને સૂતેલા જોયા. અને તેમણે પોતાના શિષ્યો સમક્ષ ટીકાત્મક ભાવે કહ્યું, "જુઓ પેલા સાધુને ! પોતે પોતાની જાતને વિરક્ત-ત્યાગી દર્શાવે છે અને પોતે પાણી પીવાના એક વાસણ પ્રત્યે આસક્તિ રાખી કોઈ તેને ચોરી ન જાય માટે માથા નીચે સુરક્ષિત રાખી સૂતો છે આ તે કેવો સન્યાસ ?"

આ શબ્દો સાંભળતાં જ એ સાધુએ તો એ વાસણને દૂર ફેંકી દીધું. ગંગા સ્નાન કરીને પાછા આવતા ઉભયભારતીએ પોતાના શિષ્યોને કહ્યું, " આ સાધુમાં બીજી પણ એક દુર્વૃત્તિ છે અને તે છે ક્રોધ-અહંકાર. મારા શબ્દોથી ક્રોધિત થઈને તેણે વાસણને ફેંકી દીધું. આસક્તિ અને અહંકાર આ બંને તપસ્વીના મહાન દુશ્મન છે." આ સાંભળતા જ સાધુ ઉભા થયા અને ઉભયભારતીના પગે પડ્યા અને કહ્યું કે તે સાચે જ તેના ગુરુ છે.

**<u>દેવીપૂજાનો હેતુ.</u>**

પ્રત્યેક વ્યક્તિ જેને દિવ્યત્વની અનુભૂતિ કરવી છે તેણે પોતાની બુદ્ધિ પરના અહંકારભાવ અને આસક્તિ પરના બંધનને દૂર કરવા સખત પરિશ્રમ કરવો જોઈએ. એકવાર જો અહંકાર દૂર થાય તો આસક્તિભાવ તો સરળતાપૂર્વક જ-આપોઆપ જ હટી જશે.

અહંકારભાવ-અહંભાવ ઘણી રીતે જીવનને પ્રભાવિત કરે છે-કલુષિત બનાવે છે. પોતાના ગ્રાહકોને પ્રભાવિત કરવા માટે વ્યવસાયિકો ખોટા ભપકા અને દંભનો આશ્રય લે છે. અહંકાર અને અભિમાન એ દાનવી વૃત્તિ છે. દેવીને દાનવહરણી તરીકે પણ વર્ણવવામાં આવે છે. તેથી માણસમાં રહેલી દાનવી વૃત્તિનો નાશ કરવા માટે દેવીની આરાધના કરવામાં આવે છે.

મહાભારતના યુદ્ધના નવમા દિવસે પોતાની દિવ્યશક્તિથી ભીષ્મપિતામહ દ્વારા થતી બાણવર્ષાથી અર્જુનની ચારેકોર રક્ષા કરતા શ્રી કૃષ્ણને નિહાળતા જ અર્જુન હતોત્સાહ_ થયો હતો. શ્રીકૃષ્ણ રથ પરથી કૂદી પડ્યા અને સ્વયં ભીષ્મનો વધ કરવા તેની દિશામાં ધસી ગયા. અને ભગવાન શ્રી કૃષ્ણને પોતાની દિશામાં ધસી આવતા-તેમનું દિવ્ય દર્શન થતાં જ ભીષ્મ આનંદપ્રભ બની ગયા અને પોતે જ શરણાગતિ સ્વીકારતા બોલી ઉઠ્યા, "

જો ભગવાન સ્વયં મારો વધ કરવા આવતા હોય તો ભલે ભગવાન કૃષ્ણ જ મારા તારણહાર બને !" આજે તો ભક્તોનો રાહ કંઈ જુદો જ છે. એક દેવતામાંથી જો તેમની શ્રદ્ધા ઊઠી જાય તો બીજા દેવતાઓનું શરણ શોધે છે. પરંતુ હકીકતમાં તો ઈશ્વર એક જ છે. નામ રૂપ અનેક છતાં ભગવાન તો એક જ છે. "નામ રૂપ જૂજવા, એક તું શ્રીહરિ !" મા દુર્ગા-દેવી તો મા પ્રકૃતિનું જ સ્વરૂપ છે. પ્રકૃતિની વિરુદ્ધ ઉદ્દભવતી દાનવી વૃત્તિ, પાશવી વૃત્તિનો વિનાશ કરવા માટે તો પ્રકૃતિની શક્તિ નો જ ઉપયોગ કરવો ઘટે. માં દુર્ગાની પૂજાનો અર્થ આ છે. પ્રકૃતિ એક રીતે રક્ષક છે તો સાથે જ સજાકારક પણ છે. મા લક્ષ્મી રક્ષા સ્વરૂપિણી છે. જ્યારે દુર્ગા દૈત્યહારિણી છે- દાનવીય વૃત્તિની મારક મા દુર્ગા છે. મા દુર્ગા એક તરફ દાનવવૃત્તિ સંહારક છે તો મા લક્ષ્મી મનની કલુષિતતા દૂર કરનારી શક્તિ છે. અને પછી આવે છે મા સરસ્વતી- પવિત્ર વાણીની દ્યોતક- વાક્વાહિની મા સરસ્વતી- વિદ્યા દાયિની મા સરસ્વતી. આ રીતે મા દુર્ગા, મા લક્ષ્મી અને મા સરસ્વતીની આરાધના મનની અશુદ્ધિઓને દૂર કરવા માટે અને વિચાર, વાણી અને વ્યવહારની પવિત્રતા જાળવવા માટે કરવામાં આવે છે.

પ્રકૃતિ દિવ્યત્વનું સ્વરૂપ છે- અલૌકિકતાનું પ્રગટ સ્વરૂપ છે. માનવી પ્રકૃતિ નિહાળે છે, પ્રકૃતિ માણે છે પરંતુ પ્રકૃતિની ભીતર રહેલ દિવ્યતાને પરખવામાં તે નિષ્ફળ રહે છે. પ્રકૃતિ દિવ્યત્વનું સ્વરૂપ છે તેનું બાહ્ય અવલોકન તો માણસ કરે જ છે પરંતુ ભીતરમાં રહેલ દિવ્યતાની અનુભૂતિ તેને થતી નથી તે એક પ્રકારનું અજ્ઞાન છે.

માણસ જે પ્રકૃતિનું-સૃષ્ટિનું દર્શન કરે છે તે સાક્ષાત્ ભગવાન વિષ્ણુનું વિરાટ સ્વરૂપ છે. ભગવાનનો કોઈ ખાસ આકાર-સ્વરૂપ કે ભગવાનનું કોઈ ચોક્કસ નિવાસસ્થાન છે ખરું ? ના, તે સર્વવ્યાપક છે. તે તમે છો અને તમે તે છો. તે તમારામાં છે અને તમે તેનામાં છો. જ્યારે ભગવાનનું આ દર્શન તમે સમજશો ત્યારે-તે દિવસે સાચું ભગવદ્ દર્શન થશે. ભગવાન સાથેની એકરૂપતા જ્યારે સધાય ત્યારે જ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય. અંતઃકરણમાં બિરાજિત દિવ્યતાની અનુભૂતિ માટે બુદ્ધિનો ઉપયોગ કરવો પડે-જે રીતે જેનાં થકી આખી સૃષ્ટિનું દર્શન કરીએ છીએ એવી આપણી આંખોને જોવા માટે અરીસાનો ઉપયોગ કરવો પડે. બુદ્ધિરૂપી અરીસા થકી દિવ્યતાનું દર્શન થાય. આમતેમ દિવ્યત્વની ખોજ કરવી એ મૂર્ખાઈ છે. ભગવાન તો આપણી માતા કરતા આપણી વધુ નિકટ છે. પવિત્ર-પાવન-શુદ્ધ હૃદયથી જ બુદ્ધિના માધ્યમ થકી દિવ્યતાની અનુભૂતિ થાય. પ્રેમ એ જ તો દિવ્યતાને પામવાનું શ્રેષ્ઠ માધ્યમ છે- કારણ પ્રેમ જ પ્રભુ છે.

**(૫ ઓક્ટોબર ૧૯૯૨ ના ભગવાનના દિવ્ય પ્રવચનનો અંશ)**

## શ્રેષ્ઠ શું છે ?

* **ભૂખ્યાને ભોજન કરાવવું એનાથી શ્રેષ્ઠ કોઇ દાન નથી.**
* **માતા-પિતા કરતા શ્રેષ્ઠ કોઇ ભગવાન નથી.**
* **સત્યના પાલન કરતા શ્રેષ્ઠ કોઇ જપ-તપ નથી.**
* **દયા કરતા શ્રેષ્ઠ કોઇ ધર્મ નથી.**
* **સારી સોબતથી શ્રેષ્ઠ કોઇ મોટો ફાયદો નથી.**
* **ક્રોધ કરતા વધુ મોટો કોઇ દુશ્મન નથી.**
* **દેવાદારી હોવી એથી મોટો કોઇ રોગ નથી.**
* **સારી નામના કરતા શ્રેષ્ઠ કોઇ ધન નથી (ખરાબ નામના = મૃત્યુ)**
* **ઈશ્વરના નામ સ્મરણ કરતા વધુ કિંમતી કોઇ ઘરેણું નથી.**

**(૪-૧૧-૨૦૦૨)**

ગતાંકથી ચાલુ

# દિવ્યતા સંગ મારો મેળાપ અને અનુભવ

**દેબાશિષ મુકરજી**

કોર્સની શેષ અવધિ દરમ્યાન મને દુઃખાવો જરાયે થયો જ નહીં. આ ઘટનાની અજીબતાને હું સમજું તે પહેલાં તો શ્રી સત્ય સાઈબાબા બીજા વિદ્યાર્થીઓને લડ્ડુ આપતાં આપતાં આગળ ચાલી ગયા હતા. ત્યાર બાદની બે-ત્રણ મિનિટ સુધી હું એકદમ મૂંઝવણમાં મુકાઈ ગયો હતો. પછીથી મને ખ્યાલ આવ્યો કે તેમનો સંકલ્પ જ વિદ્યમાન રહ્યો. જો પૂર્ણ રીતે શરણે જાઉં તો પરિસ્થિતિ અનુસાર તેઓ તમારી સંભાળ લેવા અને ટેકો આપવા ત્યાં હાજર હોય જ છે. કહેવા ખાતર, આ ઉદાહરણ તો તેમનો પ્રત્યક્ષ અનુભવ કરવા અને તેમનામાં શ્રદ્ધા પ્રસ્થાપિત કરવા માટેનું એક બહાનું હતું. આપણી પ્રવર્તમાન હાલતથી સુપેરે પરિચિત હોઈ, તેઓ અંતરમાં વાસ કરે છે અને ખરા સમયે મહત્વનો ટેકો પૂરો પાડવા તત્પર હોય છે. આ ઘટનાએ શ્રી સત્ય સાઈ બાબા પ્રત્યેના મારા પૂજ્ય ભાવ તથા અસીમ ઊર્જામાં નવસંચાર કર્યો હતો. કોર્સ પરત્વેની મારી ખલાસ થઈ ગયેલી પ્રેરણા અને ધ્યાન પુનઃ પ્રાપ્ત કરી લીધાં હતા.

શ્રી સત્ય સાઈ બાબાનાં દિવ્ય સ્પંદનો અને પ્રભામંડળનો અનુભવ કરવાના મારા સદ્દભાગ્ય બદલ અને તેની સાથે સાથે ભારતીય સંસ્કૃતિના સૂક્ષ્મ સત્યો અને મહત્વનો અભ્યાસ કરીને એકત્રિત કરવા બદલ હું તેમનો આભારી હતો. વૃંદાવન આશ્રમમાં વિતાવેલી પ્રત્યેક પળ પરમાનંદ પ્રદાયક બની ગઈ હતી. કોર્સ લગભગ અડધે પહોંચ્યો હશે ત્યારે કો'ક સમયે એક ડિનર સમયે શ્રી સત્ય સાઈ બાબા મારી સમક્ષ આવ્યા અને અંગ્રેજીમાં મને પૂછ્યું, " તારું નામ શું છે ? ક્યાંથી આવ્યો છે?" તેમણે પૂછ્યું તે બધી માહિતી આપી દીધી. દેખીતી જ સામાન્ય વાતચીતે, મને કોણ જાણે કેમ, પણ એકદમ ગૂંચવણમાં મૂકી દીધો. તેઓ સાચે જ સર્વજ્ઞ છે કે નહીં તે વિશે હું નવાઈ પામી ગયો. જો તેઓ બધું જાણતા જ હોય તો પછી તેમણે મને આવું પૂછ્યું જ કેમ ? મારા મગજમાં ઉદ્દભવતા ગૂંચવાડામાં મેં મારી સાથે પશ્ચિમ બંગાલના આસનસોલથી આવેલા મિત્રને સહભાગી બનાવ્યો. મારી શંકાઓ નિર્મૂલ કરવામાં તેણે મદદ કરી અને મગજમાં બેસી જાય તેવો ઉત્તર આપ્યો હતો. મારા મિત્રે સમજાવ્યું કે તેઓ સાચે જ સર્વજ્ઞ છે પણ તેમની સાથે પ્રત્યક્ષ વાતચીત કરવાની તક પૂરી પાડવા આપણી આજુબાજુ એક સામાન્ય માનવી તરીકે ફરતાં રહે છે. જો તેઓ સર્વજ્ઞ અને સર્વત્ર છે એવી રીતે સ્વયં ફરતા રહે તો આપણાં જેવા મર્ત્ય લોકોને તેમની સાથે વાતો કરવાની તક પણ મળે નહીં. આપણે આ દિવ્યાનુભવ જ ગુમાવી બેસીએ ! આપણી સાથે વાત કરીને હકીકતમાં તેઓ આપણને તેમની સાથે વાત કરવાનો મોકો પૂરો પાડે છે. તેમની પ્રગટ થતી દિવ્યતાને સમજવાની અને તેમને તેમના માનવ સ્વરૂપ સાથે જ સરખાવવાની મારી મૂર્ખામીનું મને ભાન થઈ ગયું. તેમનાં દર્શન, સ્પર્શન અને સંભાષણ દ્વારા સંચિત થતાં લાભો પરત્વે શ્રી સત્ય સાઈ બાબાએ એક વખત કહ્યું હતું કે તેમનું દર્શન પ્રારબ્ધમાં ફેરફાર કરવામાં સવલતકાર બને છે, તેમનું સ્પર્શન આધ્યાત્મિક ઉન્નતિની ખાતરી આપે છે અને જો કોઈ પોતાની જાણમાં હોય તે રીતે ખોટાં કર્મો નહીં કરે તો સંભાષણ મોક્ષનો માર્ગ ખોલવામાં મદદ કરે છે.

એક દિવસ લંચ પૂર્વે આંખ ઉઘાડી નાખે તેવી એક ઘટના બની. ક્લાસની સવારના સત્રની સમાપ્તિ થતાં અમે શ્રી સત્ય સાઈ બાબાના નિવાસસ્થાન પાસેથી પસાર થઈ રહ્યા હતા અને તે સમયે પ્રથમ મજલામાં બહારના ભાગમાં તેમની ઉપસ્થિતિ જોવા મળી. અમે જેઓ ત્યાં હતા તે

બધાએ તેમના પાદનમસ્કાર લેતાં હોઈએ તેમ બે હાથ ઊંચા કર્યા. સદૈવ આનંદમંગલમાં હોય તેમ તેમણે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા માંડી. પછી અમને એક સફેદ કાળો ફોટો બતાવ્યો અને તેને અમારામાંથી કોઈ ફાડી શકે છે કે કેમ એવી ટકોર કરી. તુરંત કેટલાક વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા અને તે ફોટો ફાડી નાખવાના પ્રયત્નો કર્યા. આશ્ચર્યની બાબત એવી બની કે તેમાંથી એકે વિદ્યાર્થી તેને ફાડવામાં સફળ થયો નહીં. તેમણે ફોટો પાછો માંગી લીધો એટલે તેમને તે પરત આપવામાં આવ્યો. અમારી હાજરીમાં જ બાબાએ ફોટો લઈને કશાયે પ્રયત્ન વિના એકદમ સરળતાથી ફાડીને બે ટુકડા કરી દીધાં. હવે તેઓ શું કહેશે તેની અમે રાહ જોવા લાગ્યા એટલે સાદી સમજ આપતાં તેમણે કહ્યું, "ગમે ત્યારે પણ તમે કોઈ કાર્ય હાથ પર લો, ભલે તે એકદમ સરળ લાગતું હોય તો પણ, હંમેશાં ભગવાનના આશીર્વાદ અને ટેકો લેવો જોઈએ. નિષ્ફળ જવાને બદલે ઘણી વખત તમે તમારા પ્રયાસમાં સફળ થઈ શકો છો. તેમ કરવામાં તમે તમારી જાતને ભગવાનના એક સાધન હોવા તરીકેનો સ્વૈચ્છિક સ્વીકાર કરી લો છો અને કાર્યનાં પરિણામો તેમની ઉપર છોડી દો છો. તેથી ઊલટું, જો તમે અહંકાર ભરેલી તમારી તાકાત ઉપર જ નિર્ભર રહો તો હાથ ધરવામાં આવેલો પ્રયાસ ફળીભૂત ન પણ થાય અને તમને નિરાશાની ગર્તામાં ધકેલી શકે છે." આ ઘટના અમારા માટે એક મોટો બોધપાઠ હતો.

**<u>વળાંક આપતી ઘટના બની.</u>**

કોર્સના અંતિમ સપ્તાહમાં જાહેરાત કરવામાં આવી કે બધા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાની રહેશે. પ્રથમ પાંચ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને મેમેન્ટો કે એવોર્ડ સ્વામીના શુભ હસ્તે પ્રદાન કરવામાં આવશે. વૃંદાવનની જે ઘટનાનું વર્ણન કરવાનો છું તે આનંદદાયક અને મારાં જીવનમાં વળાંક આણનારી છે. આ સમય દરમ્યાન મારું એંજિનિયરીંગનું ફાઈનલ ઈયરનું પરિણામ આવ્યું જે મારા માતા-પિતાએ જણાવ્યું હતું કે હું ફર્સ્ટ ક્લાસ સહિત ચોથા ક્રમે ઉત્તીર્ણ થયો હતો. આ આનંદને કારણે હવે થનારી પરીક્ષા માટે મારામાં અધિક ઉત્સાહનો સંચાર થયો. અમને શીખવવામાં આવેલી વસ્તુઓ ઉપર મેં મારું મન કેન્દ્રિત કરવા માંડ્યું. નિયત દિવસે પરીક્ષા થઈ. અમુક અંશે મારા દેખાવથી મને સંતોષ થયો હતો છતાં મને એવું લાગતું હતું કે હું હજી કંઈક વધુ બહેતર કરી શક્યો હોત. દીક્ષાંત સમારોહની સવારે અમારા ગૃપલિડર પ્રોફેસર એ. કે. ઘોષે મને બોલાવીને જે કંઈ કહ્યું તેનાથી મારા ગાત્રો શિથિલ થઈ ગયા. તેમણે જણાવ્યું કે મેરીટ-લિસ્ટમાં મારું નામ નવમા ક્રમાંકે હતું અને તેથી સ્વામીના શુભ હસ્તે મેમેન્ટો સ્વીકારવાથી વંચિત રહ્યો. જોકે, તેમણે મારા પ્રયત્નો બાબતે મને ઘણી પ્રેરણા પૂરી પાડી હતી.

યુવાન હોવાને નાતે અને આવા પ્રસંગોના મહત્વથી અજાણ હોવાને કારણે હું નિરાશ થઈ ગયો. અને મારી સિદ્ધિ માટે થોડોક આંતરિક વિષાદ અનુભવવા લાગ્યો. હું પૂર્ણપણે બેચેન અને ક્ષુબ્ધ થઈ ગયાની લાગણી અનુભવતો હતો. લક્ષ્યની નિકટ આવીને, જરાક માટે પાછળ રહી જવું એ યુવાન પુરુષના મગજમાં નિરાશા જન્માવી જાય છે. બપોરે સર્વે વિદ્યાર્થીઓને દીક્ષાંત સમારોહ માટે સ્થળને સુઘડ બનાવવાની વિવિધ કામગીરી સોંપવામાં આવી હતી. મને આ થનારી ઘટના માટેની જગ્યાનો ભાગ સાફ કરવાની જવાબદારી સોંપાઈ હતી. ઝાડુ અને અન્ય વસ્તુઓથી સજ્જ, કમનસીબે, મને સોંપાયેલી જવાબદારીમાં હું નિષ્ફળ રહ્યો અને જેની ઉપર કાબૂ નથી રહેતો તેવી બાબત ઉપર મનમાં વિચાર ચાલી રહ્યો હતો. મને ફાળવવામાં આવેલી જગ્યા હું સાફ કરતો નહોતો અને આજુબાજુવાળાને દેખાય તે રીતે હું એક બાજુએ બેસી ગયો હતો. મારા જમણા ખભા ઉપર પાછળથી કોઈ ટપલી મારી રહ્યું હોવાનું લાગ્યું તેથી

હું જરા ચમકી ગયો. પાછા વળીને જોયું તો શ્રી સત્ય સાઈ બાબા મારી સામે તાકીને જોતાં જોતાં સ્મિત કરી રહ્યા હતા. વિશેષ કશું કર્યા વિના તેમણે મને નમ્રતાપૂર્વક સલાહ આપી કે સોંપવામાં આવેલી કામગીરી પૂરી કર. તેમણે ઉમેર્યું કે " કાર્ય એ પૂજા છે ", અને બાકી પડેલું કાર્ય પૂરું કરવું એ મારી બંધનકર્તા ફરજ છે. કામ પૂરું થઈ જાય પછી, ફાજલ સમયમાં અન્ય વિચારો ભલે કરો-જોકે, ડહાપણભર્યું કાર્ય એ છે કે નકારાત્મક વિચારોથી દૂર રહેવું. પરસ્પર વાતચીત લગભગ એક કે બે મિનિટ સુધી ચાલી-પછી, તેઓ આગળ ચાલ્યા ગયા. મારી મૂર્ખામીનું ભાન થતાં જ હું મારી વર્તણૂકથી લજ્જિત થયો અને તુરંત જ એમની સલાહ અનુસાર જગ્યા સાફ કરવા લાગી ગયો.

૨૦મી જૂન ૧૯૭૪ની બપોર પછી બધા જ વિદ્યાર્થીઓ દીક્ષાંત સમારોહ માટે એકત્રિત થયાં. છોકરાઓ બાબા દ્વારા આપવામાં આવેલા ધોતી અને શર્ટમાં સજ્જ થયેલા હતા તો છોકરીઓ પણ સ્વામી દ્વારા આપવામાં આવેલી હળવી રંગીન સાડીઓમાં સજ્જ થઈને હાજર રહી હતી. એ, બી, સી ની કક્કાવારીમાં આંદામાન-નિકોબારથી લઈને આંધ્રપ્રદેશ અને છેલ્લે વેસ્ટ બેંગાલ હોય તે રીતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓને ગોઠવવામાં આવ્યા હતા. તે પ્રમાણે હું સૌથી છેલ્લી કતારમાં હતો. અમે સમારોહની જગ્યાએ જવા લાગ્યા તેવામાં જ એક સેવાદળ આવીને મારું નામ બોલ્યો અને જણાવ્યું કે મારે મંચની સામેની પહેલી હરોળમાં બેઠક લેવી. મારા રોમાંચનો પાર નહોતો તથા આમ બેસવા પાછળનું કારણ શું હશે તેના વિચારોમાં મારી ધડકન વધી ગઈ હતી. પછી, શ્રી સત્ય સાઈ બાબા પધાર્યા અને સમારોહના સ્થળ તરફ સમગ્ર વિદ્યાર્થીઓની શોભાયાત્રાને દોરી ગયા. ઝરમર ઝરમર વર્ષા થવા માંડી એટલે એક સેવાદળે વરસાદથી રક્ષણ કરવા સ્વામીની ઉપર છત્રી ધરી. સ્વામીએ હાથ હલાવીને છત્રીની જરૂર નથી એવો હાવભાવ કર્યો. અમે દીક્ષાંત સમારોહની જગ્યાએ આવી પહોંચ્યા અને સ્વામીના મંચની સામેની જમીન ઉપર, મને કહેવામાં આવ્યું હતું, તે મુજબ મેં સ્થાન ગ્રહણ કર્યું.

દીક્ષાંત સમારોહ માટે લગભગ ૨૦,૦૦૦ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત હતી અને શ્રી સત્ય સાઈ બાબા શું ઉદ્બોધન કરશે તેની શાંતિથી પ્રતીક્ષા કરતાં હતા, તેમણે તેમની હંમેશની શૈલીમાં દરેકને ' દિવ્ય સ્વરૂપો ' થી સંબોધન કરીને વક્તવ્યની શરૂઆત કરી. તેમના ઉદ્બોધનની વચ્ચે જ આકાશમાંથી ભારે વરસાદની શરૂઆત થઈ ગઈ. તેવામાં અચાનક તેમણે આસ્તેથી તેમની દ્રષ્ટિ ઊંચી કરીને આકાશ સામે જોયું અને માંડ મિનિટ થઈ હશે કે વરસાદ એકદમ બંધ થઈ ગયો. ત્યારબાદ, તેમણે બીજે જ દિવસે પોત પોતાના ઘરે જનારા વિદ્યાર્થીઓને પ્રેમભર્યો અને મહત્વનો સંદેશ આપ્યો. તેમણે કહ્યું, " આપ સૌ સાઈ-વર્કશોપમાં આવ્યા છો, જેમાં આપની બગડી ગયેલી કારને ગત એક મહિના દરમ્યાન સ્વામી દ્વારા સર્વિસ અને રિપેરીંગ કરવામાં આવી હતી. તેના ઢીલાં થઈ ગયેલા નટ-બોલ્ટને ટાઈટ કરવામાં આવ્યા છે અને ઘસાઈ ગયેલા પાર્ટ્સને બદલી નાખવામાં આવ્યા છે. હવે તમે તમારી શરીરરૂપી કારને સમી-નમી કરી દીધી છે. તમે એક કુશળ ડ્રાઈવર નહીં હોવાને કારણે તમારી કાર વારંવાર ખોટકાઈ જતી હતી. સાઈ દ્વારા તમારી આ કારને સુધારીને ફરીથી પૂર્વવત્ત બનાવાઈ છે તો હવે આ કારના ડ્રાઈવર તરીકે સાઈને લઈ લો જે તમારાં શેષ જીવન માટે કારનું ડ્રાઈવિંગ કરશે. કારને શાહી માર્ગે હંકારવાની જરૂર છે, કેમ કે જો તે શાહી માર્ગથી દિશા બદલી કાઢશે તો તે કારને સમારકામ માટે પુનઃ વર્કશોપમાં લઈ જવી પડશે. તમને ઉન્નત ખ્યાલો અને વિચારોથી અવગત કરાયા છે. હું આશા રાખું કે તમે જે કંઈ શીખ્યા છો તેનું સતત મનન કરશો અને તેનો અમલ કરશો.

તેમનાં સંબોધન બાદ ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆત થઈ. સફળ થયેલા વિદ્યાર્થીઓના એક પછી એક નામો બોલાવા માંડ્યા. વિદ્યાર્થીઓ મંચ ઉપર ગયા, તેમનાં ચરણોને સ્પર્શ કર્યો, મેમેન્ટો સ્વીકારીને, બે શબ્દો બોલીને, તેમને મળેલી દિવ્ય ભેટ સાથે મંચ ઉપરથી નીચે ઊતરી આવ્યા. મેરીટ-લિસ્ટમાં મારું નામ પાંચમા ક્રમે જાહેર કરાતા હું તો દિગ્મૂઢ થઈ ગયો. આ જગતમાં કોઈની સાથે તુલનાથી પર એવી આનંદપૂર્ણ લાગણીઓના ઊભરાથી હું સાચે જ ધ્રૂજતો હતો. આનંદાશ્રુ રોકવા મુશ્કેલ હતાં અને હું રુદન કરવા લાગ્યો. મારી જાતને બરોબર સંભાળી અને ધીરેથી મંચના પગથિયાં ચઢયો તથા સ્વામીની સન્મુખ ઊભો રહ્યો. તેઓ મારા ડાબા ખભાથી જરાક ઊંચા હોય એટલી ટૂંકી ઊંચાઈ ધરાવતા હતા. તેઓ તેમનાં સ્વર્ગીય સ્મિતમાં દૈદીપ્યમાન દેખાતા હતા. તેમનાં ચરણકમલને સ્પર્શ કર્યો અને તેમનાથી થોડાક ઈંચના અંતરથી તેમને નીરખી રહ્યો હતો. તેમના આશીર્વાદ મેળવવા મેં મારી પેન ધરી અને તેમણે પ્રેમથી આશીર્વાદ આપ્યા. પછી, કોઈ મેમેન્ટો લઈને આવ્યું જે તેમણે મને આપ્યો. તેમણે મારા બંને હાથ નીચેથી ટાઈટ પકડી રાખ્યા અને થોડાક શબ્દો બોલ્યા. એક જ હસ્તીના દર્શન, સ્પર્શન અને સંભાષણનો અને શક્ય તેટલો અત્યંત નજીકથી લહાવો પ્રાપ્ત થયો. જ્યારે કોઈ તેમનાં દર્શન, સ્પર્શન અને સંભાષણનો અનુભવ કરે છે ત્યારે તે કેટલો ધન્ય થઈ જાય છે તેની સ્મૃતિ થઈ આવી. ત્યાર પછી મેં પુનઃ તેમનાં ચરણકમલને સ્પર્શ કર્યો અને મંચ ઉપરથી નીચે ઊતરવા આગળ વધ્યો. હું બેએક પગથિયાં નીચે હતો, તેવામાં જ, તેમણે મને બોલાવ્યો અને મંચ ઉપર પાછા આવવાનો સંકેત કર્યો. તેમણે આટલા મોટા સમુદાયમાં કો'ક ને ઈશારો કર્યો. અને મેં જોયું તો કેમેરા સાથે કોઈ મંચ તરફ આવ્યુ. સ્વામીએ તેને ફોટો પાડવા આદેશ આપ્યો અને એક કોપી મને આપવા કહ્યું. પાછળથી મને ખબર પડી કે તે ફોટોગ્રાફર બીજું કોઈ નહિ પણ મુંબઈનો નામાંકિત ફોટોગ્રાફર શ્રી સાઈદત્ત હતો. બીજે દિવસે અમે વૃંદાવનથી નીકળી જવાના હતા તે પહેલાં મને મારો ફોટો આપી જવાની તેમણે તસ્દી લીધી હતી. માનવ સ્વરૂપમાં દિવ્યતા સાથેનો ઝડપાયેલો ફોટો મારાં જીવનનો સૌથી સારી રીતે સાચવી રાખેલો ફોટો છે.

પરિવર્તન થતી ઘટનાઓને લઈને હું ચકિત થઈ ગયો હતો. હું પુનઃ મારી બેઠક પાસે આવી ગયો અને મારા શરીરના પ્રત્યેક કોષમાં આધ્યાત્મિક સ્પંદનો ગ્રહણ કરવાના પ્રયત્નો કરી રહ્યો હતો. હું જાણતો હતો કે સર્વશક્તિશાળી દિવ્યતા આટલી બધી કાળજીપૂર્વક મારો હાથ પકડી રાખશે તેવી તક હવે કદી પ્રાપ્ત થવાની નથી. જેવો સમારોહ સંપન્ન થયો કે અમને કોર્સમાં શીખવનારા કેટલાક શિક્ષકો મને ઘેરી વળ્યા. તે બધાએ મને શ્રેણીબદ્ધ એવી ઘટનાઓ વિષે સ્ફોટ કર્યો જેને લઈને પાંચમા ક્રમાંકે મેમેન્ટો સ્વીકારવા પાત્ર હું બન્યો હતો. એવોર્ડ વિતરણ સમારોહની સવારે યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓની યાદી લઈને સ્વામીની મંજૂરી લેવા શિક્ષકો સ્વામી પાસે ગયા હતા. તે યાદીમાં દ્રષ્ટિ કરતાં તેમને યાદીમાં ભૂલ દેખાઈ. તેમણે ખાસ મારા નામનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે મારું નામ યાદીમાં પાંચમુ મૂકવામાં આવે. સ્વામીએ મારા પેપર્સ પુનઃ તપાસી જવાનું શિક્ષકોને કહ્યું. સ્વામીના આદેશ મુજબ શિક્ષકોએ મારી 'ઇવેલ્યુએશન શીટ' ની ફરી ચકાસણી કરી અને માર્કિંગમાં તેમને ભૂલ મળી આવી. તેમણે પરિણામ યાદી સુધારી અને મને પાંચમા ક્રમાંકે મૂક્યો. આવું બધુ વર્ણન સાંભળીને મેં અંતર્યામી શ્રી સત્ય સાઈ બાબા માટે અંતરથી પૂજ્ય ભાવની અભિવ્યક્તિ કરી.

આ ઘટનાએ મારાં મનમાં શ્રી સત્ય સાઈ બાબાની સર્વવ્યાપકતા અને સર્વજ્ઞતા વિશેની

ચિરકાળ પર્યંતની માન્યતા અંકિત કરી દીધી. આ ઘટના મારામાં તેમની હાજરીની- અચલ શ્રદ્ધા અને માન્યતા પ્રસ્થાપિત કરવા માટેની હતી. એ એક નિર્દેશાત્મક છે કે જ્યારે કોઈ પ્રત્યક્ષ અનુભવે છે અને તેની પાછળના સત્યને પિછાણે છે ત્યારે અનુભવમાંથી ઉદ્દભવતી શ્રદ્ધા-આસ્થા-જીવનમાં ત્યારબાદ કદીયે ખોવાઈ જતી નથી. અન્ય કોઈમાં શ્રદ્ધા મૂકતા પહેલાં પ્રત્યક્ષ અનુભવની અગત્ય ઉપર પણ આ ઘટના ખાસ ઉલ્લેખ કરે છે.

અનુભવ આધારિત શ્રદ્ધા સદૈવ અચલ રહેશે, અને, શ્રદ્ધા અને સમર્પણ જ આત્મસાક્ષાત્કાર પ્રત્યેની કૂચ માટે પૂર્વ આવશ્યકતાઓ છે. ભૌતિક સ્તરે ઘટના ગમે તેટલી દર્શનીય હોય, માનસિક સ્તરે તે અત્યંત ગૂઢ અર્થનો રણકાર કરી જાય છે. મારાં જીવનમાં તત્ પશ્ચાત્, બની ગયેલા બનાવો, આંતરિક રીતે, શ્રી સત્ય સાઈ બાબા દ્વારા એવોર્ડ માટે પસંદગી પામવાની કથિત ઘટના સાથે જોડાયેલા છે. હાલની રજૂઆતમાં હું તેવી ઘટનાઓનો સમાવેશ કરવાનો ઇરાદો ધરાવતો નથી સિવાય કે નિર્દેશ કરવો છે કે ભવિષ્યમાં ઉત્તરદાયિત્વ નિભાવવા માટે તેમના દ્વારા મને સમજાવવા-સજ્જ-કરવામાં આવ્યો હતો, જેની ઇમારત-રચના- દ્રઢ શ્રદ્ધા અને માન્યતાના પાયા ઉપર આધારિત છે.

૨૧મી જૂન ૧૯૭૪નું પ્રભાત અમારે માટે ઉદાસી લાવ્યું હતું કેમ કે કોર્સ પત્યા પછી તે દિવસે પાવન સ્થળ છોડી ચાલ્યા જવાનું હતું. અમે શ્રી સત્ય સાઈ બાબાના પ્રત્યક્ષ-સંગાથને ગુમાવી દેવાના હતા. જોકે, આગલે દિવસે તેમણે કહેલા શબ્દો મારા હૃદયમાં ગૂંજી રહ્યા છે. વૃંદાવનમાં અમારાં રોકાણ દરમ્યાન સંપાદિત ખુશી-આનંદ-સુખ-ને કદી ન ભૂલવાનું તેમણે યાદ કરાવ્યું હતું. ઘરે પહોંચ્યા પછી જે જે લોકોનાં સંપર્કમાં આવીએ તે સહુ લોકોને સુખમાં સહભાગી બનાવવા અને અન્યને આનંદ આપવા ઉપર સ્વામીએ ખાસ ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં દ્રઢતાપૂર્વક કહ્યું હતું કે અત્રે આનંદ, અભ્યાસ કરાયેલા સદ્દવિચારોને આપણાં જીવનના અંત પર્યંત જાળવી રાખવા અને તેનાથી આપણે શાંતિપૂર્ણ અને અર્થસભર જીવન માણવા સક્ષમ બની શકીએ. અત્યંત ભારે હૃદયે અમે આખરે વૃંદાવન, વ્હાઈટ ફિલ્ડથી વિદાય લીધી.

**<u>ઔપચારિક અભિનંદન.</u>**

વ્હાઈટ ફિલ્ડથી નિર્ગમન કરીને બે દિવસ પછી ૨૩મી જૂન ૧૯૭૪ના રોજ અમે કોલકાતા પહોંચ્યા. અમને વિદ્યાર્થીઓને તેમજ પ્રો. એ. કે. ઘોષને કોલકાતાના સાઈ ભક્તો દ્વારા અમે પરત ફર્યા તે બદલ દમામદાર આવકાર આપવામાં આવ્યો હતો. પરંતુ મને હચમચાવી જનારી બીના એ હતી કે જ્યારે હું મારી માતાના આશિષ લેવા તેમનાં ચરણોને સ્પર્શ કર્યો ત્યારે માતાનાં નેત્રોમાં અશ્રુબિંદુઓ ઊભરાઈ આવ્યાં જોવા મળ્યાં. તેમના અને મારા પરિવારના બાકીના સદસ્યોના આનંદની સીમાનો કોઈ પાર જણાતો નહોતો. ત્યાં તમામ ઉપસ્થિતોએ તેમજ હું પણ સ્વામીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત મેમેન્ટો પ્રાપ્ત કરીશ એવી કદી સ્વપ્નમાંયે ક્યાંય કલ્પના કરી નહોતી. મારા માતા-પિતાએ તો અગાઉ જ કહી દીધું હતું કે કોર્સમાં ભાગ લેવો એ સમગ્ર જીવનનો એક અદ્વિતીય અનુભવ હશે અને તેનો મેં સ્વયં અનુભવ કરી લીધો !

કોલકાતા પહોંચ્યાના ત્રણ-ચાર દિવસોમાં જ વેસ્ટ બેંગાલના શ્રી સત્ય સાઈ સેવા સંગઠનના તત્કાલિન પ્રમુખ શ્રી અરુણ દત્તે અમારે માટે રાસબિહારી એવેન્યૂની જગ્યામાં ઔપચારિક અભિનંદન-સહ-મેળાવડા-નો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તે સભાગૃહમાં આશરે ૧૫૦ સાઈભક્તો હતા. તે દિવસે એકત્રિત થયેલા વિદ્યાર્થીઓ અને પ્રો. એ. કે. ઘોષે વ્યક્તિગત રીતે તેમના અંગત અનુભવો અને લાગણીઓ પ્રસ્તુત કરી હતી. દરેક જણાએ સ્વાનુભવ કરેલા વિવિધ પાસાઓ-ખ્યાલો તથા

સમર કોર્સ સંલગ્નિત હેતુ અને ગહરાઈ તેમજ, તે બધાથી યે ઉપર, શ્રી સત્ય સાઈ બાબાના પ્રચુર પ્રેમ વિષે ઉલ્લેખો કર્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓ તેમના અમૂલ્ય અનુભવોનું વર્ણન કરતી વખતે તેમની ભાવનાઓને રોકી શક્યા નહોતા અને જાહેરમાં રુદન કરી બેઠાં હતાં. સમગ્ર માહોલ આધ્યાત્મિક્તાના સ્પંદનોથી ચેતનવંતો થઈ ગયો હતો અને આનંદના મજબૂત મોજાંઓ પર્યાપ્ત પ્રમાણમાં નિહાળવા મળતા હતા. વરિષ્ઠો-વડીલો-એ વિદ્યાર્થીઓને પુષ્કળ આશીર્વાદ આપ્યા અને શ્રી સત્ય સાઈ બાબાના આદર્શોનો પ્રચાર-પ્રસાર-કરવાની સલાહ પણ આપી. તે દિવસના મેળાવડાએ મારાં જીવનની પાળી-પોષીને સંપન્ન કરેલી યાદગાર પળો પૂરી પાડી હતી.

**સુખાનંદ અને મિશન વિષે શ્રી સત્ય સાઈ બાબા.**

શ્રી સત્ય સાઈ બાબાએ સમર કોર્સના વિદ્યાર્થીઓને ભારપૂર્વક કહ્યું હતું કે સુખાનંદ ચિરસ્મરણીય અનુભવ હોવો જોઈએ.. તે તેમનો જન્મજાત અધિકાર છે અને તે એક અધિકાર હોવો જ જોઈએ. તેઓ કહે છે, “ જેમ એક માછલી જળમાં જન્મે છે અને તે હંમેશાં જળમાં જ રહેવા ઇચ્છે છે, તે પ્રમાણે મનુષ્ય પણ આનંદમાંથી જન્મેલો છે અને તે ગમે ત્યાં હશે અને ગમે તે કાર્ય કરતો હશે, સદા પરમાનંદની ઝંખના કરતો હોય છે.”

શ્રી સત્ય સાઈબાબા જે વિશાળતા-વ્યાપક્તા-દર્શાવે છે તેને સમજવા માટે તેમના જણાવ્યા મુજબ તેમના મિશન પરત્વે ખાસ વિચાર કરવો જરૂરી છે. “ મારું મિશન મનુષ્યની ચેતના-સભાનતા-ને એવા સ્તરે લઈ જવાની છે જ્યાં તે કોઈપણ વસ્તુ બાબતે નથી આનંદ માણતો કે નથી વિલાપ કરતો. માત્ર ભયમાંથી જ છૂટ નથી મેળવવાની, પણ આશા અને અપેક્ષામાંથી પણ છૂટવાનું છે. મારા જ્ઞાન ઉપર વિશ્વાસ રાખો; હું ભૂલો કરતો નથી.”

તેમના વિધાનો-જો તમે એક કદમ મારી તરફ માંડશો, તો હું તમારી તરફ દસ કદમ માંડીશ-એકદમ બાંયધરી આપવાવાળા છે. તેમના સંદેશાઓ અને આદેશો માનીને અને અનુસરીને વ્યક્તિ પોતાનામાં રહેલા ઉચ્ચ આત્મા પ્રતિ જઈને પોતાને પરિવર્તિત કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરે છે. ફક્ત સ્વકીય પરિવર્તન દ્વારા જ આસપાસની વસ્તુઓ પણ અસ્તિત્વના સર્વોચ્ચ સ્તરે પરિવર્તન પામશે. શ્રી સત્ય સાઈ સેવા ઓર્ગેનાઈઝેશનની આગ્રહભરી હાકલ માનવજાતિને એ છે કે જગતમા પરિવર્તન આણવા (સૌ પ્રથમ) પોતાની જાતમાં પરિવર્તન આણો.

લગભગ ૪૭ વર્ષોના દીર્ઘ અંતર્વિરામ બાદ ૨૦૨૧ની ગુરુપૂર્ણિમા દિને તેમની સ્મૃતિઓને હું તેમના ચરણકમલોમાં સમર્પિત કરું છું.

| સમસ્ત લોકા: સુખિનો ભવંતુ |

(લેખક સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, રાંચી ખાતે આર. એન્ડ ડી. સેન્ટર ફોર આયર્ન એન્ડ સ્ટીલના પૂર્વ એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ઈન-ચાર્જ તથા શ્રી સત્ય સાઈ સેવા ઓર્ગેનાઈઝેશન, ઝારખંડના રાજ્ય ગો ગ્રીન કો-ઓર્ડિનેટર છે.)

## તમે પણ ભગવાન છો એમ માનો

**કેટલાક લોકો એમ માને છે કે માત્ર રામ, કૃષ્ણ અને સાઇ બાબા જ ગવાન છે. એમ માનવું તે નર્યું અજ્ઞાન છે. તમે પણ ભગવાન છો. તમે, એમ માનો કે સર્વ પ્રાણીઓ ભગવાન છે, તમને તમારી સાહજિક દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવવા માટે મેં આ રૂપ ધારણ કર્યું છે. અવતારો આ હેતુ પૂર્ણ કરવા માટે આવે છે એમ માનીને તમારે ઉત્કટતાપૂર્વક અને ઉત્સાહ પૂર્વક આધ્યાત્મિક જીવન અપનાવવું જોઇએ. (વસંત વષો – ૧૯૭૯)**

### દૈવી મહિમાનો ઉત્સવ

# દિવ્ય માલિક / દૈવી ગુરૂ સાથે મંત્રમુગ્ધ કરનારી ક્ષણો

રાણી સુબ્રમણ્યન્

વર્ષો પહેલા, એક મુલાકાતમાં સ્વામીએ કહ્યું હતું કે, “રાણીમા, મને તમારા સ્તર પર આવવા અને તમારી સમસ્યા સમજવામાં કોઈ વાંધો નથી. પરંતુ હું તમારી સમસ્યાને બિલકુલ સમજી શકતો નથી, કારણ કે ખરેખર કોઈ સમસ્યા જ નથી ”!

**<u>અમારી સમસ્યાઓનો સરળ ઉકેલ.</u>**

ત્યારે મને આ બધું સમજાયું નહોતું તેથી તેમણે મને ગીત દ્વારા તેનો વાસ્તવિક અર્થ સમજાવ્યો. તેમણે કહ્યું, "ચિંતન કરો, તમને નિચોડ/સાર મળી ગયો છે. તેમણે મને મારૂ શું કર્તવ્ય હતું તેના પર ચિંતન કરવા કહ્યું. તેના અર્થ પર ઊંડાણથી હું ચિંતન કરતી નહોતી અને સમસ્યાઓ અંગે વિચારવાનું ચાલુ રાખેલું તેથી તેમણે એક પત્રમાં લખ્યું, "રાણીમા તમને એક સમસ્યા છે". સમસ્યા મારા માનવા પ્રમાણે હતી, તેમના પ્રમાણે નહીં. ચાલો, યાદ રાખીએ, સ્વામીને કોઈ પ્રશ્ન જ નથી! કટોકટી એ આપણું પોતાનું સર્જન છે અને આપણે જ તેને ઉકેલવી પડે. ભગવદ્ ગીતા કહે છે, "સમસ્યાનું કારણ તમે છો અને તેમાંથી બહાર આવવાનો માર્ગ પણ તમારે જ ખોળવો પડે, બીજી કોઈ વ્યક્તિ કે ગુરૂ તે શોધી આપે નહીં. તેથી તેમણે કહ્યું, "તમે સતત સમસ્યા અંગેના વિચાર કરો છો, આથી જ હું તમને મદદ કરી શકતો નથી. જો તમે સમસ્યા અંગે વિચારવાનું બંધ કરી દેશો તો હું તમને મદદ કરી શકીશ. તમે જ્યારે તમારી સમસ્યા ભૂલી જાવ છો ત્યારે તમારૂં મન મારાપર કેન્દ્રિત કરો અને સતત મારા નામનું રટણ કરો. મારો સંપર્ક કરો. દિવ્ય નામ બાણ સમાન છે, જે તમારા તરફથી સ્વામી તરફ જશે. તમે સ્વામીનો સંપર્ક કેવી રીતે કરો છો? તેમના નામનું રટણ કરવાથી જ.

**<u>માત્ર ભગવાન માટે જ ગાઓ.</u>**

હું ઘણી વખત દિલ્હી જતી અને મારી બહેન કમલા સારથિ સાથે, રજાઓ દરમ્યાન રોકાતી. તેણી રામકૃષ્ણ મઠના પરિસરની નજીક રહેતી હતી. પ્રથમ મુલાકાત પછી સ્વામીએ અમને કહ્યું, "સતસંગમાં રહેવું" અને તેમને પુછ્યું, "અમે સતસંગ કેવી રીતે કરી શકીએ" સ્વામીએ અમને ગીતાના વર્ગો અને તેના જેવી બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું કહ્યું. અમે તેમને પૂછ્યુ કે શું અમે રામકૃષ્ણકઠમાં જવાનું ચાલુ રાખીએ? તે વખતે અમે માનતા કે સ્વામી એક મહાન વ્યક્તિ છે પરંતુ તે પોતે જ ભગવાન છે એવું અમે જાણતા નહોતા.

તેથી અમને ખાતરી નહોતી કે તેઓ અમને રજા આપે. પરંતુ સ્વામીએ કહ્યું, "હા, તે ખૂબ સારી જગ્યા છે. રામકૃષ્ણ મિશનમાં જાઓ. જાઓ અને ત્યાં વિવિધ અભ્યાસ વર્તુળો અને વાર્તાલાપોમાં ભાગ લ્યો. તેઓ નિયમિતપણે ગીતા અને ઉપનિષદના વર્ગો ચલાવતા, અને અમે નિષ્ઠાપૂર્વક તેમાં હાજરી આપતા. કેટલાક પ્રસંગ દરમ્યાન જેમકે પવિત્ર માતાના જન્મ દિવસે, શ્રી રામકૃષ્ણના જન્મ દિવસે તેઓ ઈચ્છતા કે થોડાક સારા ભજનિકો જે મંચ પર વિશાળ પ્રેક્ષકગણની સામે ગાઈ શકે તેવા મળે તો સારૂ. મારી બહેને કહ્યું, "રાણીમાને ભજન આવડે છે અને તેઓ ભજન ગાય તેવું જો તમે ઈચ્છતા હો તો હું તેમને પૂછી જોઈશ.

તે વખતે હું ત્યાં હતી. આવા પ્રસંગે મેં મીરા, સુરદાસ વગેરેના થોડાક ભજનો ગાયા. પાછળથી તેઓએ આવા ઉજવણી પ્રસંગો પર મને નિયમિત રીતે ગાવાનું આમંત્રણ આપવાનું શરૂ કર્યું. અને આવા કાર્યક્રમો જાહેરમાં થતાં હતાં એટલે લોકોને મારી વિશિષ્ટ શક્તિ/આવડતની જાણ થઈ. તેથી

તેઓ વિવિધ પ્રસંગો-જન્મ દિવસ વિગેરે પર મને બોલાવતા અને ગાવા માટે વિનંતી કરતા. હું મારું હાર્મોનીયમ સાથે લઈ જતી અને ગાતી. આ બધું હુ નિર્દોષ રીતે કરતી. પુટ્ટપર્તિની કોઈ એક મુલાકાત દરમ્યાન, જ્યારે કમલા સારથિ એકલી ગયેલી ત્યારે સ્વામીએ તેણીને પૂછેલું, "રાણીમાને પૂછજો કે તે પોતાની જાતને (સ્વરૂપને) ઓળખવા ઈચ્છે છે? કે પછી નામ અને કીર્તિ ઈચ્છે છે? જો તેઓ પોતાની જાતનો દિવ્ય સાક્ષાત્કાર ઈચ્છતા હોય તો તેમણે જાહેરમાં ગાવાનું બંધ કરવું પડશે. અને ઘરના પૂજા ઘરમાં માત્ર ભગવાન માટે ગાવું જોઈએ. હું તેમને બધી જગ્યાએ જતા જોઉ છું.

સ્વામી દિલ્હીમાં નથી તો પણ તે કેવી રીતે આ જાણી જાય છે? આવા વખતે તેમની સર્વવ્યાપકતા પૂરવાર થાય છે. આપણે જે કાંઈ કરીએ છીએ તે, તે બધું જ જાણે છે ! અમે જાણતા નહોતા કે તે સર્વવ્યાપક છે. હું એવું માનતી કે આપણે જ્યારે પ્રાર્થના કરતા હોઈએ, ત્યારે જ તે સર્વવ્યાપક હોય છે ! તેમના સર્વવ્યાપકપણા વિશે મારી સમજણ મર્યાદિત હતી. મને ખબર નહોતી કે તે મારા આંતરિક સ્વરૂપ (સ્વ) હતા અને દિવસ દરમ્યાનના દરેક વિચાર, શબ્દ કે કાર્યથી સચેત રહેતા. તેમને એ પણ ખબર હતી કે હું શું પ્રાપ્ત કરવા ઈચ્છું છું તેમની જાણ બહારનું હું કશું પણ કરી શક્તી નહોતી.

જ્યારે તે પ્રકારની જાગૃતિ તમે મેળવો છો, ત્યારે તમે ખૂબજ સભાન અને કાળજીવાળા બની જાવ છો. જો તમને ખબર હોય કે તમે જે કાંઈ કરી રહ્યા છો તેનાથી સ્વામી પરિચિત છે, તો શું તેમની ભૌતિક ગેરહાજરી દરમ્યાન તમે જે ઘણી બધી વસ્તુઓ કરો છો તે બધી કરો ખરા?ના, તમે એવું નહીં જ કરો. તમે જેની સાથે વિચારભેદ / મતભેદ ધરાવતા હો, તેવી વ્યક્તિઓ જોડે પણ ખૂબ વિવેકથી વાતો કરશો. તમે વિચારશો, "સ્વામી નીહાળી રહ્યાં છે / જોઈ રહ્યાં છે માટે મારે વિવેકી અને વિનયી થવું જોઈએ જ. આ પ્રકારની જાગૃતિ તેઓ અમારામાં વિકસાવવા ઈચ્છતા હતાં. તે વિકસવી જ જોઈએ, તે સહેલાઈથી આવતી નથી. તે અનાજના દાણાએ પોતાના માટે ઘંટી / મિક્ષરમાં ત્રાસદાયક કે જુલ્મી માર્ગ શોધવા જેવું છે. તે હિમાલય પર આરોહણ કરવા જેવું છે. તેથી સ્વામીએ કહ્યું હતું કે "તેમને કહો કે તે પોતે શું ઈચ્છે છે? જો તેમને નામ અને કીર્તિની ઈચ્છા હોય તો, તે કોઈ પણ જગ્યાએ જઈ શકે છે અને ગાઈ શકે છે. પરંતુ પોતાના સ્વરૂપની ઓળખ ઈચ્છતા હોય તો બહાર ગાવા જવાનું બંધ કરવું જ પડે અને ઘરમાં પૂજાઘરમાં ભગવાન માટે ગાવું જોઈએ. આ સંદેશો મળ્યા પછી બધી જગ્યાએ જવાનું મેં બંધ કરી દીધું.

એક દિવસ કોઈક શ્રીમતિ માલિની મારી પાસે આવ્યા અને તે મારી પાસે ભજનો ગવડાવવા ઈચ્છતા હતા. મેં કહ્યું, "ક્ષમા કરજો, મને મારા ગુરૂની રજા નથી. પરંતુ તેણીએ કહ્યું આ કાંઈ જાહેરમાં ગાવાનું નથી. આ તો માત્ર સાધ્વીઓ માટે છે". મે કહ્યું, "મને કાંઈ ખબર પડતી નથી કે હું ગાઈ શકું કે ન ગાઈ શકું મારે સ્વામીને પ્રાર્થના કરવી પડે અને તે અંગે વિચારવું પડશે. તેણીએ આગ્રહ રાખ્યો કે મારે તેમ કરવું જોઈએ. મેં તેના વિશે ચિંતન કર્યું અને પ્રાર્થના કરી. કાંઈક એવી વસ્તુએ મને કહ્યું કે, તે માત્ર સાધ્વીઓ માટે જ હોય તો હું ગાઈ શકું, પરંતુ હવે પછી એવું નહીં કરવાનું. મારે આ બાબતે ચોખવટ કરવી જોઈએ.

હું ત્યાં ગઈ, કારણ કે સાધ્વીઓ ભેગી થયેલી અને સ્વામીએ મને કહ્યું હતું કે રામકૃષ્ણ મઠમાં સતસંગમાં હાજરી આપવાનું ચાલુ રાખવું જોઈએ. રામકૃષ્ણ મઠ અને શારદા મઠે આપણને ઘણું બધું આપેલું છે. અને તેથી હું તેમની ઋણી હતી. તેથી આવા મનોવલણ સાથે જાણતી નહોતી કે તે આજ્ઞા પાલન છે કે નહીં, હું ત્યાં ગઈ. મને એવી અનુભૂતિ થઈ કે ધર્મના સંદર્ભમાં મારો નિર્ણય સુસંગત હતો. તે જાહેર કાર્યક્રમ નહોતો. તે કોઈ નામ કે યશ માટે નહોતો. આ ઘટના પછી, મેં જાહેરમાં ગાવાનું

સદંતર બંધ કરી દીધું, તે આજ દિન સુધી હું બહાર ગાવા જતી નથી. સ્વામી સતત અમારા માર્ગનું ધ્યાન રાખે છે કારણ કે અમે તેમનું માર્ગદર્શન માગતા હોઈએ છીએ.

એક વખત તેમણે મને કહ્યું, "હું દરેકને માર્ગદર્શન આપતો નથી. હું માત્ર એવા લોકોને જ માર્ગદર્શન આપુ છું કે જેઓ તેની માંગણી કરે છે. તમારી બાબતમાં તમે તો દરેક નાની કે મોટી વાતમાં દોરવણી માંગો છો (હું પણ તેમને ખુબ જ દુન્યવી વસ્તુઓ જે માયા-પ્રપંચ હોય જેમકે હું આ વસ્તુ રાંધુ કે પેલી વિગેરેમાં) તેથી દરેક બાબતે હસ્તક્ષેપ કરૂ છું. અને તમને દોરવણી આપુ છું." મને ક્ષણભર દુઃખ થયું કે તેમણે મને ગાતી બંધ કરી. આખરે તો હું માત્ર ભજનો જ ગાતી હતી, નહીં કે શાસ્ત્રીય ગીતો જે મેં ઘણાં વખત પહેલા બંધ કરેલા. મને યાદ આવ્યું કે ત્યાગરાજનને દરબારમાં ગાવા માટે જ્યારે આમંત્રણ મળ્યું ત્યારે તેમણે કહ્યું કે, "તેઓ માત્ર પોતાના ભગવાન માટે જ ગાય છે". તે વખતે હું સમજી શકી નહોતી. મેં એવું વિચાર્યું કે હું જાણે રેડીયો પ્રોગ્રામ આપી રહી હોઉં. પરંતુ ત્યાર પછી ઊંડાણપૂર્વક વિચાર કરતા, મને સમજાયું કે મારે માત્ર મારા પ્રભુ માટે જ જીવવું જોઈએ. 'હું' અને 'મારૂં' ના રાજ્યમાં આવતી તમામ વસ્તુઓ કોઈ પણ વ્યક્તિએ ત્યાગવી જ પડે.

**<u>"હું" અને "મારૂં" નો ત્યાગ જીવનને સરળ બનાવે છે.</u>**

અમે જુના મંદિરમાં રોકાતા. જ્યારે ક્વાર્ટર તૈયાર થઈ ગયા, ત્યારે તેમના મિશનમાં સહાય કરતા કાયમી રહેવાસીઓ માટે સ્વામી ક્વાર્ટરની ફાળવણી બધાને કરી રહ્યાં હતાં. પરંતુ અમે તો માત્ર પ્રાસંગિક મૂલાકાતીઓ હતાં. આ સમયે તેઓ પોતે વ્યક્તિગત રીતે ઓરડાઓ ફાળવતા, અમે જ્યારે આવતા, ત્યારે અમારે તેમને જાણ કરવી પડતી હતી અને જે કાંઈ ઉપલબ્ધ સુવિધા હોય તે પ્રમાણે તેઓ ફાળવતા. ખાસ કરીને કાર્યક્રમો દરમ્યાન બહુ ઓછા ક્વાર્ટર ઉપલબ્ધ રહેતા. તે વખતે તેઓશ્રી અમને એક યા બીજા કુટુંબ સાથે રહેવાની સુવિધા આપતા. એક નાના એવા ઓરડામાં આઠ થી દસ જણાને સાથે રહેવું પડતું. અમારે એક-બીજા જોડે દરેક બાબતમાં વ્યવસ્થા અને સહકાર સાધવો પડતો. આ રૂમ્સ ઉપલબ્ધ થયા તે પહેલા તો વધારે મુશ્કેલ હતું. અનુકૂલન સાધવા માટે જુદા જુદા તબક્કાઓમાંથી તેમણે અમને પસાર કરાવ્યા. સ્થિતિ પ્રમાણે તમે તમારી જરૂરિયાતોને મર્યાદિત કરી શકો છો? આધ્યાત્મિક ઉત્ક્રાંન્તિ માટે આ એક મોટી માંગણી હોય છે. અમે ક્યારેય બબડાટ કે કચવાટ કરતા નહીં, કારણ કે અમને તે શક્તિ, સ્વીકૃતિ આપતા / પ્રસન્નતા આપતા. અમે કોઈ પણ રીતે અંદરથી ઉદાસ હતા નહીં. હવે હું મારી જાતને પુછું છું, "તેવું શું હતું કે જે અમને આ બધામાં આનંદપૂર્વક રહેવાની છૂટ આપતું?".

કોઈ એક પ્રસંગે અમારે એક કે બે દિવસ માટે પુટ્ટપર્તિ છોડી દેવું પડ્યું હતું. તે દિવસોમાં અમારે સ્વામીને જાણ કરવી પડતી કે અમે ક્યારે વિદાય લેવાના છીએ. દશેરા દરમ્યાન આ બનેલું. અને સ્વામી દશેરા પહેલા એકાદ મહિનો અગાઉથી બધી મુલાકાતો બંધ કરી દેતા. કારણ કે પોતે તહેવારનું સંચાલન કરવામાં પોતાની જાતને વ્યસ્ત કરી દેતા. ભક્તો મદદ માટે આગળ આવતા પણ તે બધું જ તેમની સીધી દેખરેખ હેઠળ થતું. તેથી તે સમયે મુલાકાતો આપી શકતા નહીં.

એક વખત સ્વામીને મેં વિનંતી કરી, "સ્વામી તમે દરેક જણને ક્વાર્ટર ફાળવેલ છે પણ મને એક પણ મળેલ નથી. જ્યારે જ્યારે હું અહીં આવું ત્યારે દર વખતે કોઈની જોડે રહેવું પડે છે, તે મુશ્કેલ છે. મહેરબાની કરીને મને એક રૂમ ફાળવો તો સારૂ." તેમણે કહ્યું, "ના, હું તમને કોઈ વ્યવસ્થા આપવાનો નથી. તમારા માટે કોઈ ઓરડો નથી." ત્યાર બાદ તેમણે કહ્યું, "તમે જાણો છો કે તમે શેની સાધના કરી રહ્યાં છો? તે 'તું' અને 'તારૂ', 'તમે' અને 'તમારૂં' જ

પ્રકારની લાગણીની સાધના છે જો હું તમને એકાદ ઓરડો ફાળવું તો તમે "મારો રૂમ" એવું વિચારવાનું શરૂ કરશો. હું તમને ઉંચે લઈ જવા ઈચ્છું છું, નીચે નહીં. તેથી જ મેં તમને ઘણા બધા ઓરડામાં રાખ્યા. એક વખત એક નાના રૂમમાં તમે ચાર વ્યક્તિઓ રોકાયેલા, ત્યારે તમારે પાણી પણ બહારથી લાવવું પડતું હતું. જ્યારે બીજા એક પ્રસંગે ચીંચોલી મહારાણીના નિવાસે, તમે ખૂબ આરામદાયક સ્થિતિમાં હતાં. તમે ક્યારેય કચવાટ કરેલ નથી કે આ મોટો રૂમ છે કે નાનો રૂમ. તમે સુખેથી રહેતા અને તમારી જાતને કહેતા કે બધું ભગવાનનું જ છે".

સ્વામીએ મારા મનમાં વિચાર મૂકેલો કે દરેક જગ્યા ભગવાનની છે તેથી હું ક્યારેય કચવાટ કરતી નહીં. પણ એક વસ્તુ હતી જેના માટે તેમણે મને વચન આપેલું. "જ્યારે જ્યારે તમે અહીં આવશો ત્યારે હું ધ્યાન રાખીશ કે તમે કોઈ સમસ્યાથી મુશ્કેલી અનુભવો નહીં.

એક વખત તેમણે અમને ગેરેજમાં રાખેલા. ત્યાં સ્વામીની ગાડી હતી, જેની પાછળ શીરડી સાઈ સાઈબાબાનો રથ હતો. જેને લીધે ગેરેજના માત્ર ચાર ખૂણાઓ જ ખાલી રહેતા. અમે એક ખૂણામાં રસોઈ બનાવતા અને બીજા ખૂણામાં સૂઈ જતા. અમને તે માટે ક્યારેય ખોટુ લાગતું નહોતું. અમારી જાતને દિલગીરીની લાગણી અનુભવ્યા વગર બધુ ચલાવી લેતા. આ માટે અમારે સ્વામીનો આભાર માનવો પડે. તેમણે અમને તેમાં 'સ્વીકારની અને આનદની' શક્તિ આપી છે. તેમણે અમને પ્રયોગાત્મક ધોરણે શીખવ્યું છે, 'આ સ્વીકારવાની શક્તિ અંદરથી આવવી જોઈએ'. અને આ વસ્તુના ઘડતરમાં તે સાધનરૂપ બનેલા. તેમણે અમને 'સ્વીકારની શક્તિ' પ્રદાન કરી કારણ કે અમે તેમના ખાતર ત્યાં ગયા હતાં, અને અમને તે આંતરિક શાંતિ આપવા ઈચ્છતા હતાં. તેમણે અમને બાહ્ય શાંતિ આપી નહતી.

**<u>શાંતિની ભાષા બોલતા.</u>**

ક્યારેય વિચારો નહિ, "હું કઠિન કામ પૂરું કરી શકીશ નહીં" તમે જ્યારે એવું વિચારો છો, ત્યારે તમે શરીરના સ્તરે નીચે ઉતરી તૂટી પડો છો. 'હું' એ અહમ્ છે. 'હું' છે જ નહીં. ત્યાં માત્ર 'તે' એટલે કે 'સ્વામી' જ આપણી અંદરથી કાર્ય કરી રહ્યાં છે. તે મારો અનુભવછે કે જ્યારે જ્યારે મેં વિચાર્યું કે મારે સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે, ત્યારે કાર્ય થતું જ નહીં પરંતુ જ્યારે એવું કહીને કે "તમે જ કર્તા છો અને હું તો માત્ર નિમિત્ત માત્ર છું" સમસ્યા તેમના ઉપર છોડી દેતી, તો દરેક વસ્તુ સરળ રીતે થતી. આમ છતાં હજી સુધી હું સાક્ષાત્કારની સ્થિતિએ પહોંચી નથી.

કોઈ પણ કારણ વિના કોઈ તમને ઠપકો આપે ત્યારે તમારે તેની જ ભાષામાં બોલવું ન જોઈએ. તમારે અંદરથી પીડા સહન કરી લેવી જોઈએ. અને બાહ્ય રીતે શાંત રહેવું જોઈએ. મૌન કે શાંતિ આધ્યાત્મિક સાધકની ભાષા છે. આપણે બધા સાધકો છીએ ડિવોટી એટલે ભક્ત. એટલે સ્વામી આપણને ભક્તજનો તરીકે સંબોધતા નથી. એક વખત તેમણે આપણને "આત્મ સ્વરૂપા" તરીકે સંબોધેલા. 'આત્મીય' એટલે દિવ્ય આત્માની મૂર્તિ સમા. કારણ કે આ ધર્મસભામાં એકત્રિત થયેલ કોઈ વ્યક્તિને ભક્ત કહી ન શકાય. અહીંયા રહેલી એકે એક વ્યક્તિ આત્મસ્વરૂપા છે છતાં તેઓ આ સત્ય જાણતા નથી. તેઓને ભક્તો કહી શકાય નહીં કારણ કે ભગવદ્ ગીતાના ૧૨ મા અધ્યાયમાં આપેલી યાદી પ્રમાણે ભક્તના ગુણો તેમણે પ્રાપ્ત કરેલ નથી. ભગવદ્ ગીતા કહે છે કે "જે મનુષ્ય બધા વિરોધી દ્વંદો (જોડકાઓ)ને પાર કરી ગયો હોય તે જ ભક્ત કહેવાય".

સ્વામી તેથી કહે છે કે, "વાતો કે ચર્ચા ન કરો". આપણે બીજાઓ અંગે પણ ચર્ચા કરવી જોઈએ નહીં. વર્ષો પહેલા તેમણે કહેલું કે તમે અહીંયા આવ્યા છો તો બીજી કોઈ વ્યક્તિ કેવી રીતે વર્તી

રહી છે તેની ચિંતા તમારે કરવી જોઈએ નહીં. તેઓ બધા જ મારા બાળકો છે. દરેકે તેની/તેણીની પોતાની યાત્રા શરૂ કરેલ છે. કેટલાક આધ્યાત્મિક રીતે આગળ વધેલા છે બીજા કેટલાક હજુ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. તેઓ અવિવેકી છે, ઉદ્ધત છે. કારણ કે તેઓ તનાવગ્રસ્ત, અસહાય રંક છે! તેઓ બધા જ મનની શાંતિ ટકાવવા સંઘર્ષ કરી રહ્યા છે. તેથી ક્રોધની ક્ષણે તેઓ કદાચ ઉદ્ધતાઈથી વર્તે. કેટલીક વખત કેટલાક સ્વયંસેવકો કઠોરતાથી વર્તે. તેઓ એનું કામ કરે છે કારણ કે જો તેઓ શાંતિથી, પ્રેમથી બોલે તો તેઓને કોઈ સાંભળતા નથી. આથી તેમના માટે સ્થળની શિસ્ત ટકાવવા એવું વર્તન કરવાની જરૂર પડે છે. આમ છતાં કોઈ વ્યક્તિ અવિવેકી બનેલ છે તે અંગે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી કે કોઈએ ધ્યાન આપવાની જરૂર નથી.

**<u>પ્રેમાળ પ્રભુને માટે જીવવું કે જગત માટે-તે નક્કી કરો.</u>**

આપણે "અસતોમા સદગમય" - આ મંત્રનો જાપ કરીએ છીએ તેઓ અર્થ શું થાય છે? એનો અર્થ એ છે કે અસત્યમાંથી સત્ય તરફ મને દોરી જાવ. આપણે શા માટે દરરોજ આ મંત્ર જપીએ છીએ? એનો અર્થ આપણે સમજીએ છીએ ખરા? માત્ર રટણ ઉપયોગી થતું નથી. આપણે આપણા રોજીંદા જીવનમાં તેનો અમલ કરવો જોઈએ. આ મંત્ર જાપનું દૈનિક જીવનમાં આચરણ કરવું ખૂબ કઠિન છે. જે લોકો નિષ્ઠાવાન છે અને પ્રભુ સિવાય કશું ઈચ્છતા નથી એવા લોકો જ રોજબરોજના જીવનમાં આ પાઠની સાધના કરતા હોય છે. ગુરૂના ઉપદેશને ગ્રહણ કરવો ખૂબ મૂશ્કેલ છે, પરંતુ સ્વામીએ અમને એક વખત કહ્યું હતું કે જો તમને તે કઠિન લાગે તો તેનો અર્થ એ થાય છે કે તમે ઝડપથી પ્રગતિ કરી રહ્યા છો. ગુરૂ આપણને ઘણી બધી કસોટીઓમાં નાંખે છે, જેથી કરીને આપણે આપણા ધ્યેયની નજીક આવીએ. તે દરિયાની નજીક પહોંચવા જેવું છે. જેવા તમે સમુદ્રની નજીક જતા જશો, તેમ મોજાઓની ગર્જના વધારે મોટી થતી સાંભળશો. તેથી જો તમે પ્રભુને ઈચ્છતા હો તો તમારી જાતને કસોટીઓમાં સુપ્રત કરો જેમાં પ્રભુ તમને ખુશીથી નાંખે છે, અથવા જો તમારે જગતને માણવું હોય કે આનંદ જ કરવો હોય પ્રમાણિક બનો અને સ્વામીને તે રીતે કહો.

સારા, શુદ્ધ, પ્રામાણિક, આધ્યાત્મિક સાધક બનો, અને સાચા માર્ગને ખંતથી અનુસરો. તમે જે ઈચ્છતા હશો તેમાં તે તમને સુખદાયક બનાવશે. તમે જે જે માંગશો, તે તે તમને તેઓશ્રી આપશે. (ક્રમશઃ...)

- શ્રીસત્ય સાઈ મિડીયા સેન્ટર (પ્રસાર કેન્દ્ર)ના સૌજન્યથી.
(૬૦ કરતા વધારે વર્ષોથી લેખિકા એક નિષ્ઠાવાન અને સમર્પિત ભક્ત છે. ૧૯૫૦ ની શરૂઆતમાં જ ભગવાન બાબા પાસે આવેલા. ભગવાન તેઓને 'રાની મા' કહીને બોલાવતા. તેમનું જીવન સ્વામીની દિવ્યતાના ઝળહળતા અનુભવોના ખજાનાના પટારા જેવું હતું.)

Love All Serve All ॐ શ્રી સાઈ રામ Help Ever Hurt Never

**શ્રી સત્ય સાઈ સંગઠન પરિવારના સૌ ભાઈ - બહેનોને**

**દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ**

**અને**

**નવું વર્ષ - મંગલદાયી, સમૃધ્દિદાયી, સ્વાસ્થ્યપ્રદાયી બની રહે**

**એજ શુભકામનાઓ**

॥ સમસ્ત લોકાઃ સુખીનો ભવન્તુ ॥

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૧

# પાંડવોનું દુઃખ

તેઓને, ભગવાન શ્રીકૃષ્ણ તરફથી જે કાંઈ પ્રેમ, સહાનુભૂતિ, કૃપા, મદદ સલાહ વિગેરે મળ્યા હતા તેને યાદ કરતા કરતા, ચિંતનમાં મગ્ન થઈ ગયેલા ધર્મરાજાએ, અચાનક પોતાનું માથું ઉંચું કર્યું અને અર્જુનની હડપચીને ધીરેથી ઉંચી કરીને તેને પૂછ્યું, "અર્જુન ! તેં શું કહ્યું? માર્ગમાં તને શું આફત આવી પડી? મારા વ્હાલા ભાઈ, જરા પૂરી વિગતો કહે તો ખરો !" અર્જુને, એના મોટા ભાઈના મુખારવિંદને તાકીને કહ્યું, "મોટાભાઈ ! મારી બધી કુશળતાઓ, સિદ્ધિઓ, પ્રાપ્તિઓ તો, ભગવાન શ્રીકૃષ્ણ સાથે જ ચાલ્યા ગયા. હવે હું શક્તિવિહિન થઈ ગયો છું; કાંઈ પણ મેળવવા માટે હું અસમર્થ થયો છું, ખરેખરહું સાચેજ નિર્બળ અને પ્રાણહીન થઈ ગયો છું."

"ભાઈ સાંભળો. હું કેટલો દુર્ભાગી કે વાસુદેવ જ્યારે એમના પરમધામમાં સિધાવ્યા ત્યારે હું દ્વારિકામાં હોવા છતાં મને તેમની પાસે રહેવાની તક ન મળી. કદાચ એ સંધિ પ્રાપ્ત થવા, મારી પાસે એટલા પુણ્ય નહોતા. આપણા દિવ્યતાત જ્યારે આપણને છોડીને ગયા ત્યારે આપણે એમના અંતિમ દર્શન પણ કરી ન શક્યા. પાછળથી, ભગવાનના રથસારથિ દારૂકે મને, ભગવાને પ્રયાણ વખતે આપેલો સંદેશો આપ્યો. એ સંદેશામાં, ભગવાને પોતાના સ્વહસ્તે લખ્યું છે".

આવું કહીને, પોતાના પ્રાણથીપણ પ્રિય એવા શ્રીકૃષ્ણએ જાતે લખેલા એ પત્રને વસ્ત્રોની ઘડીઓમાંથી બહાર કાઢ્યો અને ધર્મરાજાના હાથમાં મૂક્યો. ધર્મરાજાએ તે પત્રને અત્યંત ભક્તિભાવથી, ઉત્સુક્તાથી અને તત્પરતાથી સ્વીકાર્યો. આંખો અશ્રૃઓથી ભરેલી હતી,તેને પત્ર સ્પર્શ કર્યો અને અશ્રૃઓની પડળો વચ્ચેથી તેમણે તે સંદેશાનું લખાણ ઉકેલવાનો પ્રયાસ કર્યો પરંતુ સાનુકૂળ પરિણામ ન મળ્યું.

લખ્યું હતું કે, "હે અર્જુન, આ મારો આદેશ છે સમજ અને તેને તારે નિઃસંકોચપણે પૂરી રીતે પાળવાનો છે. હિંમત અને ઉત્સાહથી તારે આ જવાબદારીભર્યું કામ પુરૂ કરવાનું છે.'' આવું ભારપૂર્વક લખ્યા પછી શ્રીકૃષ્ણે કામની વિગતો વિસ્તૃતપણે લખી જણાવી.

"જે કાર્ય-જે ધ્યેય લઈને હું આવ્યો હતો, તે મેં પુરૂ કર્યું છે. હવે, હું આ ધરતી પર સદેહે નહીં જોવા મળું. હું જાઉં છું. આજથી સાત દિવસ પછી દ્વારિકા દરિયામાં ડુબી જશે. મારા નિવાસ સ્થાનને છોડીને, સમુદ્ર બધુંજ ગળી જશે, આથી, તારે રાણીઓ, અંતઃપુરની સ્ત્રીઓ, દાસીઓ, બાળકો, વૃદ્ધો, અપંગો વિગેરે જે જે બચ્યા હોય, તેમને લઈને તારે ઈન્દ્રપ્રસ્થ પહોંચવાનું છે. બધી મહિલાઓ અને અન્ય યાદવો જે બચી ગયા છે તેમની સર્વ જવાબદારીઓ તારા હાથમાં સોંપીને હું જાઉં છું. તારી પોતાની જેટલી તું કાળજી રાખે છે, તેટલી જ કાળજી તેમની પણ રાખજે. ઈન્દ્રપ્રસ્થમાં તેમની બધી જ વ્યવસ્થા કરજે અને તેમનું રક્ષણ કરજે." છેલ્લે લખ્યું હતું, "સ્વધામ જતાં જતાં ગોપાલે આ લખેલું છે."

ધર્મરાજાએ વાચન પુરૂ કર્યું. તેણે જોયું કે, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવની આંખોમાંથી અશ્રૃધારાઓ વહી રહી હતી અને બધાય, બધું જ ભાન ભૂલીને જડ પથ્થરની જેમ બેસી રહ્યાં હતાં. અર્જુને કહ્યું, "મોટાભાઈ, આપણી વચ્ચે પ્રભુની ઉપસ્થિતિ ન હોવાને કારણે, મને એક ક્ષણ માટે પણ જીવવાની ઈચ્છા ન હતી, અને આથી, જે સમુદ્ર દ્વારિકાને ગળી જવાનો હતો તેમાંજ મને ડુબી મરવાની ઇચ્છા થઇ હતી. આ જ ધનુષબાણથી મેં મારૂં માથુ છેદી નાંખવાનું નક્કી કર્યું હતું; પરંતુ, આ આદેશને લીધે, હું તેમ કરતા અટક્યો. વિશ્વનિયંતાની આ આજ્ઞાને કારણે જ હું આ

જગતમાં ફરી બંધાઇ ગયો. કોઈ યોજના ઘડવાનો સમય સુદ્ધા ન હતો મારી પાસે, કારણ બધુંજ ઝડપથી પતાવવાનું હતું."

''આથી, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે મૃત્યુ પામેલાની ઉત્તરક્રિયાઓ કરી. ત્યાર પછી દ્વારિકાનગરીને સમુદ્ર ગળી જાય તે પહેલા, મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને ત્યાંથી લઈ, કૃષ્ણની આજ્ઞાનુંસાર મેં ઉતાવળ કરાવીને ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કર્યું. અમે પરાણે દ્વારિકા છોડી. આખરે, અમે પંચાનદ (પંજાબ)ની સરહદે, ભારે હૃદયે પહોંચ્યા. કૃષ્ણની ગેરહાજરી અમારા માટે ભારે હતી - હૃદય વ્યથિત કરનારી હતી; પરંતુ દિવ્ય આદેશનું પાલન અને તે અન્વયે બધાની જવાબદારી લઈને આગળ વધવું મારે માટે જરૂરી હતું.

"સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. મોડી સાંજે, અમોએ પુરવાળી નદીને ઓળંગવાની હિંમત ન કરી-તે નદીએ અમારું માર્ગક્રમણ થંભાવી દીધું હતું. તે રાત્રિએ ત્યાંજ, નદી કિનારે પડાવ કરવાનો મેં નિર્ણય કર્યો. બધી મહિલાઓ પાસેથી આભૂષણો અને અન્ય કિંમતી ચીજો એકત્ર કરી, અમે તેને એક સલામત સ્થાને મૂકી દીધી. રાણીવૃંદ પાલખીઓમાંથી ઉતરી, અને સેવકો/દાસીઓ આરામ કરવા મુક્ત થયા. સાયં સંધ્યા વિધિ માટે હું, કૃષ્ણના વિરહમાં તણાતો તણાતો, નદી કિનારે ગયો. ગાઢ અંધકાર છવાઈ ગયો હતો. એટલામાં, એ અંધકારામાંથી જંગલવાસીઓની આક્રમક ચિચીયારીઓ – યુદ્ધનાદ સંભળાયા. રાત્રિના એ સમયે, મેં તાકીને અંધારા ભણી જોયું તો ખબર પડી કે જંગલી કાબાઓનું એક જુથ, હાથમાં લાકડીઓ, ભાલાઓ અને ખંજરો જેવા હથિયારો સાથે ધસી આવ્યું. પહેલા તેઓએ જર-ઝવેરાત, કિંમતી વસ્તુઓ ઉપર હાથ અજમાવ્યો. પછી તેઓ નારીઓના હાથ-પગ બાંધીને તેમને ઉપાડી જવા લાગ્યા."

''મેં તેમને ત્રાડ પાડતા, આવું કરવાથી ભયાનક પરિણામોની ધમકી આપતા કહ્યું, "પાંખો વાળા જીવડાની જેમ તમે આગમાં શા માટે હોમાવ છો?". મેં તેઓને પુછ્યું, "શા માટે ગળના કાંટાથી મરતી માછલી જેવા તમે થાવ છો?" મેં તેઓને એમ પણ કહ્યું કે લુંટના મિથ્યા પ્રયાસમાં મૃત્યુને ના આવકારશો. મેં તેમને ચેતવણી આપતા કહ્યું કે, મને એવું લાગે છે કે હું કોણ છું તે તમે જાણતા જ નથી. શું તમે મહાન બાણાવળી, પાંડુના પુત્ર અર્જુનનું નામ સાંભળ્યું છે? કે જેણે ત્રણે લોકના વિજેતા એવા દ્રોણ, ભિષ્મ અને કર્ણને પણ હરાવ્યા હતાં? હમણા ને હમણા હું તમારા આ આખાયે ટાળાને, મારા અતુલ્ય એવા ગાંડીવના એકમાત્ર ટંકારથી મૃત્યુના દરબારમાં મોકલી આપુ છું. હજુ તક છે કે તમે નાસી જાવ, નહીં તો પછી આ ભૂખ્યા ધનુષની ભૂખ સંતોષો." મેં ચોખ્ખું જણાવી દીધું.

આટલું કહેવા છતાંયે તેમણે ડર્યા વગર પોતાની અપવિત્ર-દુષ્ટ પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને તેમનો ક્રુર હુમલો બંધ ન થયો. તેઓ અમારી છાવણી ઉપર તુટી પડ્યા અને મારી ઉપર પણ હુમલો કર્યો. હું વળતો જવાબ આપવા તૈયાર જ હતો તે બધાને દૂર કરવા મેં દિવ્ય શસ્ત્રોનું અનુસંધાન ધર્યું. પરંતુ અરે રે રે ! વિચિત્ર બિના બની. આકેવી રીતે થઈ અને કેમ થઈ તે વિશે હું કાંઈ કહી શકુંતેમ નથી. દિવ્ય અસ્ત્રોને-તેની ગતિને શક્તિ આપનારો એક પણ મંત્ર મને યાદ જ ન આવ્યો. શસ્ત્રોને છોડવાનું, વાળવાનું એ બધું જ હું ભૂલીગયો. હું નિઃસહાય બની ગયો.

મારી નજરો સામે જ, લુંટારાના ટોળાઓ રાણીઓ, દાસીઓ અને બીજી નારીઓને ઉઠાવી ગયા. તેઓ સંતાપથી વ્યથિત થઇને ચિચીયારીઓ પાડતા હતા અને મારા નામનો પોકાર પાડતા હતા, "ઓ અર્જુન, હે અર્જુન, અમને બચાવો, અમારી રક્ષા કરો. શું તું અમારો સાદ સાંભળતો નથી? અમારા રૂદન નથી સંભળાતા- શું તું બહેરો બની ગયો છું? શું તું અમને આ ધાડપાડુઓને સોંપી દેવા માગે છે? અમને જો ખબર હોત કે આવું જ અમારૂ દુર્ભાગ્ય છે, તો અમે, અમારી દ્વારિકા ડુબવાની છે તેની સાથે જ ડુબી જાત. અત્યંત વ્યથિત થઈને મેં, તે બધુ સાંભળ્યું. મેં તે બધુ જોયું પણ ખરૂં. સ્ત્રીઓ, બાળકો,

વૃદ્ધો અને અપંગો ચારે દિશામાં ચીસો પાડતા પાડતા નાસભાગ કરી રહ્યા હતા. એક સિંહ કે જેને નખ (નહોર) અને દાંત વિનાનો કરી દેવાયો હોય, તેવો હું થઈ ગયો હતો. છેવટે હું હાથ વડે તીર તેમની ભણી ફેંકીને મારવા લાગ્યો. થોડાજ સમયમાં, ભાથામાંથીયે તીર ખૂટી ગયા. ક્રોધ અને શરમથી મારૂ હૃદય આગમાં શેકાવા લાગ્યું. મારી આવી નામર્દાનગીને કારણે મને મારી જ ધૃણા થવા લાગી. મને લાગ્યુકે હું મૃતઃપાય થઈ ગયો છું. મારા બધા જ પ્રયત્નો અસફળ રહ્યાં. તીરોનો મહાન અક્ષય ભાથો પણ વાસુદેવ મને છોડી ગયા બાદ નકામો થઈ ગયો હતો.

શ્રી કૃષ્ણ અહીંથી જેવા નિકળી ગયા, તે જ સમયે મારૂ બળ અને મારી કુશળતા ચાલ્યા ગયા. નહીં તો આવું કેવી રીતે બને? કે મારી સંભાળમાં સોંપવામાં આવેલ સ્ત્રીઓ/બાળકો લુંટાતા જતા હતા મારી નજર સામે જ ને હું એક લાચાર સાક્ષી બનીને જોતો રહું? કૃષ્ણના વિરહમાં એક બાજુ હું ખૂબ દુઃખી હતો અને બીજી બાજું એમની આજ્ઞાનું પાલન ન કરી શક્વા બદલ વ્યથિત હતો. જેમ ભારે પવન, અગ્નિને વધુ પ્રજ્વલિત કરે તેમ, આ આફતે તો મારા હૃદયની બળતરાને વધારવાનું ઈંધણ પુરૂં પાડ્યુ. અને આ રાણીઓ- કે જે આજ દિન સુધી વૈભવમાં આળોટતી હતી ને મહેલોમાં રહેતી, તે બધી જ્યારે આ ક્રુર સાવજોના હાથમાં સપડાઈ ગઈ ત્યારે તેમની શી દશા થઈ હશે એની કલ્પના કરતાં જ મારું હૃદય બળીને રાખ થઇ ગયું. "અરે ઓ પ્રભુ ! હે કૃષ્ણ ! શું તમે આ દિવસ જોવા માટે, અમને ભૂતકાળમાં બચાવ્યા હતા? શું આવી ભયંકર સજા કરવા માટે અમને જીવાડ્યા?

અર્જુન મોટેથી રડવા લાગ્યો અને શોકમગ્ન થઈને ભીંતે માથુ અફાળવા લાગ્યો. તે કક્ષ દુઃખથી ભરાઈ ગયો. બધા દુઃખથી કાંપવા લાગ્યા. કઠણમાં કઠણ ખડક પણ આવી સ્થિતિમાં પીગળી જાય. ભીમની આંખોમાંથી ગરમ આંસુઓનો પ્રવાહ વહેવા લાગ્યો. એને એમ રડતો જોઈને, ધર્મરાજા પણ અત્યંત વિહવળ થઈ ગયા. તેને સાંત્વના આપવા તેઓ તેની નજીક ગયા અને હળવાશથી-પ્રેમથી બોલ્યા. થોડા સમયમાં ભીમ સ્વસ્થ થયો; પછી તે ધર્મરાજાના પગમાં પડીને બોલ્યો, "ભાઈ, મારે હવે વધુ જીવવાની કોઈ જિજીવિષા નથી રહી. મને રજા આપો. હું જંગલમાં જઈશ અને કૃષ્ણનામ રટતા રટતા દેહત્યાગ કરી દઈશ. કૃષ્ણ વગરની આ દુનિયા મારે માટે નર્ક સમાન છે." એમ કહીને તેણે પોતાના હાથમાંના વસ્ત્ર વડે પોતાના ગરમ આંસુ લુછ્યા.

અત્યાર સુધી શાંત રહેલ સહદેવ, ભીમ પાસે જઈને બોલ્યો,"ભાઈ, શાંત થાવ, ઉશ્કેરાશો નહીં. શ્રી કૃષ્ણ જ્યારે વિષ્ટીકાર થઇને આપણી વચ્ચે શાંતિ સ્થપાય તે માટે ગયા હતા ત્યારે તેમણે ધૃતરાષ્ટ્રને ભરી સભામાં જે જવાબ આપેલો તેને યાદ કરો."

## અમૃતસ્ય પુત્રા

**આપણે આ શરીરને, જે આપણું નથી તેને આપણું સમજીએ છીએ. આપણા નામને પણ આપણે સાચું માનીએ છીએ. તેમજ સુખદુઃખ પણ સાચે જ આપણા ધારી લઇએ છીએ. તમને તમારા વડીલોએ આપેલું નામ તમારું સાચું નામ નથી. તમારું પુરૂં નામ તો 'આત્મસ્વરૂપ' છે. તમે અમૃતપુત્રો છો અનૃતપુત્રો નહીં. અમૃતમાંથી આપણો જન્મ થયો છે. આપણે ક્ષણિક ક્ષણભંગુર નામ રૂપની શેહમાં તણાઇ જવું ન જોઇએ. આજના યુવાને ઘરમાં, કોલેજમાં કે સમાજમાં જ્યાં હોય ત્યાં દુષ્ટ વિચારોને હૃદયમાં કદિ સ્થાપિત કરવા નહીં. તેમણે નૈતિક, આધ્યાત્મિક, શાંતિમય અને સુખભરી જીંદગી જીવવા મહેનત કરવી. ખરાબ દ્રશ્ય અને ગંદા શબ્દોથી હંમેશા દુર ભાગવું. (વૃંદાવનમાં વસંત વર્ષા ૧૯૭૨)**

ગતાંકથી ચાલુ

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો

ડૉ. ગોતેતી સરસ્વતી

એક દાકતર તરીકે મારે કોઈ નિયંત્રણો કે બંધનો નહોતા. દિવસમાં બે વખત હું સ્વામી પાસે જતી અને રીપોર્ટ આપતી. સ્વામીના કુટુંબના મોટાભાગના સભ્યો માટે હું ડૉકટર હતી. તેઓ બીજા કોઈ પાસે તેમનું મેડિકલ ચેકઅપ કરાવતા નહોતા. સ્વામી મને જ્યારે કોઈની પાસે જવાનું કહેતા ત્યારે હું તેમનું શારીરિક પરિક્ષણ કરતી અને તે કોઈને તેમની જોડે વળાવીયા (સાથી) તરીકે મોકલી આપતા, તેઓ પણ, જો સ્વામી કોઈને તેમની જોડે વળાવિયા તરીકે મોકલે નહીં તો દરવાજાની બહાર પણ જતા નહીં. હું સ્વામીના ભોજન ખંડ તરફ જતી. દર્દીઓ વિશે વાતો કરતી. અમે ત્યાં ઘણા બધા ગંભીર કેસો તપાસેલા. આ બધા કેસોનું વર્ણન કરવા બેસુ તો લાંબો સમય નિકળી જાય. હું માત્ર થોડાક કેસો (કેસીસ)નો ઉલ્લેખ કરીશ.

<u>દિવ્ય ઔષધિય/ચિકીત્સા અંગેના ચમત્કારો.</u>

અગાઉ મેં જેનો ઉલ્લેખ કરેલો, તેમ શ્રી ભદ્રમ ઘણા બધા પ્રસંગે મને મદદ કરતા. ૧૯૬૩ માં રાજામહેન્દ્રવરમમાં વિદ્વાનોની સભા શરૂ થવાની હતી ત્યારે સ્વામીએ એક પર એક બીજુ એક લિંગમ સર્જેલું અને તેમણે તે ભદ્રમને આપ્યું. સકળમાં સુક્ષ્મને શોધવા જેવું તે પ્રતિકાત્મક હતું. તે સમયથી શ્રી ભદ્રમ તેની પૂજા કરતા. તે બધી જ વિધિઓ કરતા અને તેના પર અભિષેકમ્ પણ કરતા. શ્રી ભદ્રમની પત્નીની તંદુરસ્તી વિશે સમસ્યા રહેતી, જેમકે, તેમની રક્તસ્ત્રાવની ફરિયાદ થતી. ભદ્રમ પુટ્ટપર્તિ દર્શન માટે ગયા, ત્યારે જે કાંઈ જરૂરી હતું તે મેં કર્યું હતું-એક નાની એવી સર્જરી પણ કરેલી. બધું બરાબર થયું હતું, એવું માનીને હું પણ બીજા દિવસે ત્યાં ગયેલી. પ્રશાંતિ નિલયમમાં દશેરાનો ઉત્સવ ચાલતો હતો. તે દરમ્યાન સ્વામીએ એક દિવસ શ્રી ભદ્રમને કહ્યું, "ભદ્રમ, ગઈ કાલે રાત્રે હું તમારા ઘરે ગયો હતો". તેમણે સ્વામીને પૂછ્યું, "તમે શું કહેવા માગો છો?" સ્વામીએ કહ્યું, "તમારી પત્નીની તબિયત સારી નહતી. ગઈ કાલે રાત્રે હું ત્યાં ગયો અને બધું વ્યવસ્થિત ગોઠવી પાછો ફર્યો". શ્રી ભદ્રમ માટે, સ્વામીના ઓરડામાં પ્રવેશ મુક્ત રહેતો તેથી તે ત્યાંથી નીકળી ઉતાવળે, મારી પાસે આવ્યા. એવું કહેતા, કહેતા, "મને ખબર નથી, મારી પત્નીએ શું કર્યું છે. તેમાં એવું થયેલું કે સ્વામી ત્યાં ગયા અને તેણીને મદદ કરી, જ્યારે તેણી બિમાર હતી." મેં જે ધાર્યું કે તેણીએ કદાચ કાંઈક કર્યું હોય, જે તેણીએ કરવું જોઈતું નહોતું. કારણ કે તે રક્તસ્ત્રાવની દર્દી હતી. મેં ધારી લીધું કે તેણીએ કોઈક ભૂલ કરી હોય. શ્રી ભદ્રમ મને ત્યાં છોડીને જતા રહ્યાં અને જલદીથી અમલાપુરમ્ પાછા ફર્યા. ત્યાં શું બન્યું હતું ! શ્રી ભદ્રમની મોટી પુત્રી તેણીના પલંગની બાજુમાં પલંગ પર નાનકડા એવા ઓરડામાં ઊંઘતી હતી. તેથી તેણીએ તેને કહ્યું, "મને થોડુંક પાણી આપ. મને તરસ લાગી છે". દિકરીએ સાંભળ્યું નહિ, તેથી તે વાસણમાંથી પાણી પીવા માટે ઉભા થયા અને નીચે પડી ગયા. જ્યારે તેણી નીચે પડી તે વખતે મોટેથી "સાઈશ્વરા" બોલી ઉઠ્યા હતાં. સ્વામી ત્યાં ગયા તેણીને પાણી આપ્યું, તેમના પેટ પર વિભૂતિ ભભરાવી અને થોડીક મોંઢામાં મૂકી. આ રીતે તેમણે બધુ વ્યવસ્થિત કર્યું અને તેણીનું રક્ષણ કર્યું. સ્વામીએ આ વાત ભદ્રમને કરેલી. બીજા દિવસે, તેમણે મને બોલાવીને કહ્યું, ''કાંઈ થયું નથી, તેણીને માસિક ધર્મ આવ્યો હતો અને આ વખતે થોડો વધારે રક્તસ્ત્રાવ થતો હતો. હું ત્યાં ગયો અને બધું ગોઠવી આપ્યું. ખોટું ન લગાડતા". બધું પતી ગયા પછી મારે શા માટે ખોટું લગાડવું પડે! ત્યાર પછીથી તેણીની કોઈ ફરિયાદ નહોતી. તેણીનો પૂર્ણ રીતે ઈલાજ થઈ ચૂક્યો હતો.

**દિવ્ય દાકતર.**

અમારી જગ્યાના પરિસરમાં એક ન્યાયાધિશ રહેતા હતા. ૧૯૬૩ ના ઓગષ્ટ મહિનામાં તે ન્યાયાધિશની પુત્રીને પ્રસુતિનો સમય નજીક હતો. તે તેણીની પ્રથમ સુવાવડ હતી. તેથી ન્યાયાધિશે સંકોચવશાત ચૂપકીદિ સાધી હતી. પરંતુ તેણીની ભાભી દર્દીને મારી પાસે દવાખાને લાવી. તેણીને પીડા થઈ રહી હતી. બધું સરળ રીતે ચાલી રહ્યું હતું. આખો દિવસ પસાર થઈ ગયો, પરંતુ તેના કેઈસમાં કોઈ પ્રગતિ થઈ નહિ. જો સીજેરિયન કરવું પડે તો અમારી પાસે એટલી સુવિધાઓ કે સાધનો નહોતા. અમે તેવી સામગ્રીઓથી સજ્જ નહોતા. હું ફોર્સેપ્સ (ચીપિયા જેવું સાધન) સાથે તૈયાર થઈ રહી હતી. તે રાત્રિએ ભાભીએ મને કહ્યું, "કૃપા કરીને કાંઈક કરો. તેણી પુરા દિવસથી પીડાઈ રહી છે. મને પણ લાગ્યું કે કાંઈક થયું હતું, હું ત્યાં ગઈ અને ઈન્જેકશન્સ આપ્યા અને બધી ગોઠવણી કરી રાખી, પ્રસવ માટેનો ઓરડો ત્યાં હતો. હું મોટા ખંડમાં બેઠી હતી. પાંચ મિનીટમાં મને બોલાવવામાં આવી. હું ત્યાં પહોંચુ તેટલી વારમાં તો પ્રસુતિ થઈ ગઈ હતી. પાંચ મિનીટસ પહેલા સામાન્ય સુવાવડ થવાની કોઈ શક્યતા દેખાતી નહોતી. ડાયલેશન (વૃધ્ધિ) થયેલું નહોતું. તેણીને પુષ્કળ પીડા થતી હતી. સીજેરીયન કરવું પડે તેવું હતું. પરંતુ તેણી પાંચ જ મિનીટમાં બાળકને જન્મ આપી ચૂકી હતી. મને નવાઈ લાગી કે કઈ રીતે પ્રસવ થયો હતો. બીજે દિવસે સ્વામીનો એક પત્ર આવ્યો. તેમણે લખ્યું હતુ, "'૧૬મી ઓગષ્ટ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી છે. તમે આવશો? ત્રીજા દિવસે દર્દીને મેં ઘરે લઇ જવા કહ્યું. સ્વામીએ બોલાવી હતી તેથી હું જઈને પાછી ફરવાની હતી. હું જ્યારે ત્યાં ગઈ, ત્યારે શ્રી કૃષ્ણ જન્માષ્ટામીના બે કે ત્રણ દિવસ પછી સ્વામીએ મને બોલાવી અને મારી સાથે વાત કરી. તમે ક્યારે જઈ રહ્યા છો? તે સામાન્ય રીતે પૂછતા અને અમે જવાબ આપતા "જેવી તમારી ઈચ્છા, સ્વામી," તેમણે કહ્યું, 'શા માટે ઉતાવળ કરો છો? કૃષ્ણમૂર્તિની પુત્રીને પ્રસવ થઈ ગયો છે". "આ કૃષ્ણમૂર્તિ કોણ છે, સ્વામિ?", મેં પૂછ્યું. મને તો ખબર જ નહોતી કે તે ન્યાયાધિશનું નામ કૃષ્ણમૂર્તિ હતું. હું તેમને ન્યાયાધિશ અને ન્યાયાધિશની પત્ની તરીકે જ ઓળખતી અને એવું કાંઇક, "તે જ ન્યાયાધિશ જે તમારા વિસ્તારમાં છે, તેની પુત્રીને સુવાવડ થયેલી". તેમણે કહ્યું, 'અરે, ભગવાન ! તમે તો ડિલીવરી કરી હતી, તો પછી તેમની પાસેથી હું ફિઝ કેવી રીતે લઈ શકું ! તેથી જ તો મેં તેમની પાસેથી ફિઝ લીધી નથી". મે કહ્યું, "મહેરબાની કરીને મને ફિઝ આપતા નહિ. પ્રસવ તો તમે કરાવેલો હતો". આવા છે સ્વામીના ચમત્કારો.

દરેક સ્થળે આપણે જે કાંઈ બોલીએ છીએ, તે, તે સાંભળી રહ્યાં છે. જો હું બિનજરૂરી રીતે બોલતી હોઉ તો, તે અંગે પણ તે પૂછતા. સ્વામી સાથે હોવાનો તે જ તો ડર હતો., કોઈના વિશે અમે ખરાબ વિચારી પણ શકતા નહતા. તેઓ તાત્કાલિક કહેતા, "તમે પેલી વ્યક્તિને આવુ છું કહેલું તે ખુબ ખતરનાક છે. અને તે જ સમયે તે દિવ્ય મસિહા (ખતરા/જોખમમાંથી બચાવનાર) પણ છે! પુટ્ટપર્તિના ચિકિત્સાલયમાં, આવા ઘણાં ઘણાં પ્રસંગો બન્યા છે.

એક વખત એક સ્ત્રી તિરૂપતીથી આવી હતી. તેઓ મદુરાઈ ચેટ્ટિયારના રૂમની નજીક રોકાયા હતાં. તે દિવસમાં રૂમ્સ ઘણા નાના હતા. તેણીને પક્ષઘાત (લકવો) થયો હતો. તેના અંગો હલન-ચલન કરી શકતા નહીં. તેથી તે પથારીવશ હતી, તેણીને એક પુત્રી હતી, જે તેમની બધા પ્રકારની સેવા કરતી હતી, તેણીની પીઠ પર સોજો હતો જેમાં પસ-પરુ થયું હતું. સ્વામીએ મને દર્દી વિશે વાત કરી. "લક્ષ્મી પેલા ઓરડામાં જાવ અને તેણીને જોઈ આવો. તેઓશ્રીએ મને પૂછ્યું, 'તમને શું લાગે છે? હું માનું છું કે તે ટી.બી.ની ગાંઠ છે". પરંતુ તેઓ સહમત થયા નહિ. કોઈ પણ રીતે મેં ટી.બી.ની સારવાર શરૂ કરી. સ્વામીએ તેણીને પોતાના ઈન્ટરવ્યું રૂમમાં લાવવા માટે કહ્યું. તેણીને ખુરશી

પર બેસાડવામાં આવી. તે પોતાના પગ હલાવી-ચલાવી શકતી નહોતી. તેથી ચાર લોકો તેણીને ઊંચકી ત્યા લઈ ગયા. તેણીને સ્વામીના ઈન્ટરવ્યુ રૂમની સામે બેસાડવામાં આવ્યા. અમારો રૂમ પણ તે દિવસોમાં નજીકમાં જ હતો. તેણીએ મને કહ્યું, તેણી આ રીતે જ જવાની હતી. મેં કહ્યું, તું જા અને પાછી આવ, લક્ષ્મી. ચાર લોકો તેણીને ચાર દિવસ ઊંચકીને સ્વામીના ઓરડા સામે લઈ જઈને બેસાડતા. સ્વામી તેણી સામે જોતા પરંતુ તેની જોડે કોઈ વાત કરતા નહીં અથવા તો કોઈ પ્રસાદ અથવા બીજી કોઈ વસ્તુ પણ આપતા નહીં. થોડાક દિવસ પછી તેણીએ ખુરશી છોડી અને પછી બે લોકો બન્ને બાજુ ટેકો આપી, તેણીના પગ ખેંચતા હોય તે રીતે લઈ જતા. ચાર દિવસ પછી તેણીએ મને જોઈ, ત્યારે તેણી રડી પડી અને બોલી "મને શરમ આવી રહી છે, આ લોકો મારા હાથ પકડી મને ત્યા લઈ જાય છે, અને સ્વામી તો કશું કહેતા નથી." અમને જાણ નહોતી કે સ્વામીનો સંકલ્પ શું છે? ત્રણ કે ચાર દિવસ પછી સ્વામીએ તેણીને કહ્યું, "પુરૂષો તમારો હાથ પકડી તમને ચલાવે છે, તેની તમને શરમ આવી રહી છે ખરુંને?" તેણી શું કરી શકે? તે રડી પડી અને તે ત્યાં જ ઊભી થઈ ગઈ. "ચાલો" તેમણે હુકમ કર્યો. અહીંયા વાત પુરી થાય છે. તેણી તેમને છોડીને જતી રહી. અને પોતાની જાતે જ ચાલીને ગઈ. તેણી ખૂબ ખુશ હતી. હું જ્યારે તીરૂપતિ ગઈ ત્યારે તેમના મકાનની મુલાકાત મેં લીધી હતી. માત્ર ને માત્ર પોતાની દૃષ્ટથી જ સ્વામીએ તેણીનો ઈલાજ કર્યો. મારી બધી જ સ્ટ્રોપ્ટોમાઈસીન નકામી (વ્યર્થ) હતી. આવા તો ત્યાં ઘણાં બધા કેસીસ થયેલા. જ્યારે હું પુટ્ટપર્તિ થોડોક સમય રોકાતી તે ઘણા કેસીસ સારા કરી દેતા અને સરસ ચમત્કારો કરતા. તે સૌને પ્રેમ અને અનુકંપા આપતા. હું હજુ એક વધારે રસપ્રદ પ્રસંગ કહીશ.

ત્યાં કેન્ટીનમાં એક રામમૂર્તિ નામની વ્યક્તિ હતી. તે કેન્ટીન ચલાવતા. તેમની પુત્રીને ખૂબ ઊંચા પ્રકારનો તાવ આવ્યો. તે છ કે સાત વર્ષની છોકરી હતી. તેણી બેભાન બની ગઈ. તેના પિતા મારી પાસે આવ્યા ને વાત કરી, "બાળકી ઊઠતી નથી. તેણી મુર્છિત (અભાનાવસ્થામાં) છે". ચાર દિવસથી તબિયતમાં કોઈ સુધારો થયો નથી. તેથી હું સ્વામી પાસે ગઈ અને તેમને વાત કરી. સ્વામીએ મને કહ્યું, "તમે આખી રાત તે બાળકી સાથે બેસો". "ભલે સ્વામી" મે કહ્યું. હું તેણીની જોડે બેઠી અને જે કાંઈ હું કરી શકતી તે પ્રમાણે માત્ર ઠંડા પાણીના પોતા તેના પર મૂકતી. સવાર પડી ત્યારે તે બાળકીએ આંખો ખોલી. મને રાહત થઈ. તેણીએ પુનઃ સભાનતા મેળવી અને ભોજનના સમયે મેં સ્વામીને જાણ કરી "સ્વામી, બાળકી ભાનમાં આવી ગઈ છે. તેણી સ્વસ્થ છે" "ભલે" તેમણે કહ્યું," હું જ્યારે પુટ્ટપર્તિ હોવું, ત્યારે તે મારા દર્દીઓની સંભાળ રાખતા. હું જ્યારે પાછી ફરતી, ત્યારે દર્દીઓ કહેતા, "તમે જ્યારે અહીં નહોતા ત્યારે અમારી સંભાળ વધારે સારી રીતે લેવાતી હતી. કારણ કે સ્વામી અમારી ખુબ કાળજી લેતા, જ્યારે તમે નથી હોતા ત્યારે!.. (ક્રમશઃ)

(લેખિકા વ્યવસાયે સ્ત્રીરોગના એક નિષ્ણાંત ડોકટર અને પાંચ કરતા વધારે દાયકાઓથી સ્વામીના ભક્ત હતા.)

### સંસ્કારી વસ્ત્ર પરિધાન :

**આપણાં રીતરિવાજો અને આચારવિચાર, આપણી સજ્જનતામાં વધારો કરનારાં છે. તેનો ત્યાગ કરવો નહીં. ભારતના યુવાન પાશ્ચાત્ય વસ્ત્રોમાં વિદુષક જેવા લાગે છે. આવા પોષાક પહેરી ભારતના નામને બટ્ટો લાગે છે. ભપકાદાર કિંમતી અને આકર્ષક વસ્ત્રો ભલે પહેરો પરંતુ તે આપણી સંસ્કૃતિને અનુરૂપ, આપણા સંસ્કારોનો મોભો જળવાય એ રીતે પહેરો. કેટલાક ફર્નિચર કે બેડશીટના કાપડના બુશકોટ બનાવીને પહેરે છે. હજુ નાનાં બાળકોને તો ઠીક લાગે પણ જો મોટાં તેવા કપડાં પહેરે તો પશુ પણ ડરી જાય ભારતીયોએ વસ્ત્ર પરિધાન અને ફેશનમાં ઘણા ચતુર રહેવું જોઇએ. (વૃંદાવનમાં વસંત વર્ષા ૧૯૭૨)**

ગતાંકથી ચાલુ

# સાઈ - અમારું એકમાત્ર આશ્રયસ્થાન

ડૉ. જી. એસ. શ્રીરંગરાજન

તેથી, શારીરીક રીતે આપણે બીજાની સેવા કરી શકીએ છીએ અને આપણી જાતની પણ. આપણે આપણી જાતનું રક્ષણ, મંત્રોચ્ચારોના જપ કરીને-જેવા કે રુદ્રમ્, વિષ્ણુસહસ્ત્રનામમ્, વેદો અને બીજા મંત્રો દ્વારા કરી શકીએ છીએ. તે આપણને વધુ હકારાત્મક બનાવશે, આપણામાં વાઈબ્રેશન ફ્રીકવન્સી-કંપન આવર્તન-વધારશે અને તે આપણી આસપાસ, આપણાં એપાર્ટમેન્ટ્સ અને આપણાં સમાજમાં પણ "લક્ષ્મણ રેખા" (રક્ષણાત્મક કવચ) બાંધશે. આપણે જેટલા વધુ હકારાત્મક બનીશું, તેટલી આપણી ઈમ્યુનીટી કોઈપણ ચેપ સામે વધશે. તેથી હંમેશાં આનંદમાં રહો, હકારાત્મક રહો. નકારાત્મક માનસિકતા-ટેન્શન, ચિંતા સાથે જોડાયેલી હોવાથી આપણાંમાં રુધિરાભિસરણ અને સ્નાયુની ક્રિયાને ઉત્તેજિત કરશે. જે સમય જતાં આપણાં શરીરની રોગ-પ્રતિકારક શક્તિ ઘટાડશે. જો તમામ માનવજાત આવી હકારાત્મક પ્રવૃત્તિમાં રોકાયેલા રહેશે તો આપણે આપણી આસપાસ "લક્ષ્મણ રેખા" બાંધી શકીશું, એટલું જ નહીં, આપણાં સમગ્ર ગ્રહને કોઈપણ પ્રકારના દુષ્ટદળોથી બચાવી શકીશું.

**મનથી, હું તમારી ચિનગારી છું.**

સત્યસાઈના (એસ.એસ.એસ.)માં બીજો "એસ" એ મન સાથે સંકળાયેલ છે, અને શ્રદ્ધા સાથે રહે છે. આ બાબતે મને મારા પોતાના અનુભવનો ઉલ્લેખ કરવા દો. બહુ પૂર્વે, આ ઘટના ૧૯૯૦ માં બની હતી. એક સાંજે સ્વામી ભક્તોના સમૂહને એમના ઈન્ટરવ્યુ રૂમમાં લઈ ગયા. એ બધામાં એક વૃદ્ધ સ્ત્રી વ્હીલચેરમાં બેઠી હતી. બધું જ સામાન્ય લાગતું હતું. વ્હીલચેરમાં બેઠેલા ભક્તોને ઈન્ટરવ્યુ રૂમમાં બોલાવવા એ પણ એક સામાન્ય બાબત હતી. ઈન્ટરવ્યુ પુરો થયો. બધા ભક્તો બહાર આવ્યા અને દર્શન હોલમાં બેઠા. વ્હીલચેરમાં બેઠેલી સ્ત્રી હજી પણ પરસાળ બહાર રાહ જોઈ રહી હતી અને બહાર નીકળવા પ્રયત્ન કરતી હતી. ભગવાન તેમની બાજુમાં આવ્યા. એમના ઘૂંટણ પર ટકોરા માર્યા અને હુકમ કર્યો, "ઊભા થાઓ અને ચાલો". અમે બાજુમાં જ બેઠા હોવાથી સ્વામી તે સ્ત્રીને ચાલવા કહી રહ્યા હતા, તે અમે સાંભળી રહ્યા હતા. ખરેખર એ ચમત્કાર હતો અને અમે અત્યંત ઉત્સાહિત હતા. ભગવાને ફરીથી એને હુકમ કર્યો અને અમે માની પણ શકતા નહોતા છતાં પેલી સ્ત્રી ઊભી થઈ અને ખુબ જ આસાનીથી ચાલવા લાગી. આ સ્ત્રી તો વર્ષોથી વ્હીલચેર સાથે જ જોડાયેલ હતી. તે સ્ત્રી અત્યંત આનંદિત હતી. આખો દર્શનહોલ જોરદાર તાળીઓથી ગુંજી ઊઠયો. અમારી આંખે અમે જે દ્રશ્ય જોઈ રહ્યા હતા, તે માની શકીએ તેમ નહોતા. અમે મૂંગામંતર થઈ ગયા. કારણ કે ભગવાન જાહેરમાં આવા ચમત્કાર કરે એવું ભાગ્યે જ બનતું હતું. આશ્ચર્યકારક રીતે, ભગવાન ત્યાં સમગ્ર ઘટના દરમ્યાન કોઈપણ જાતના ખચકાટ વિના ઊભા હતા. એમના ચહેરાના હાવભાવ આનંદદાયક હતા. તેઓ આશ્ચર્ય અનુભવતા હતા કે અમે બધા શા માટે હોલમાં તાળીઓ પાડી રહ્યા હતા. એક ખૂબ જ જૂના ભક્ત તેમની સામે બેઠા હતા, તે બોલી ઉઠ્યા, " સ્વામી, તમે કેટલો મહાન ચમત્કાર કર્યો !" સ્વામીએ હસીને કહ્યું, " મેં કશું નથી કર્યું. આ બધી એમની શ્રદ્ધા જ છે." ભગવાનના મુખેથી આ શબ્દો સાંભળીને અમે સ્તબ્ધ થઈ ગયા. સ્વામીએ કહ્યું ભગવાનમાં રહેલી એમની "શ્રદ્ધા" એ એમનો રોગ મટાડયો છે. ભગવાન જ્યારે તેમને ઊભા થઈને ચાલવાનું કહી રહ્યા હતા, ત્યારે એમને ખાતરી થઈ ગઈ હતી કે તેઓ પોતે એ કરી શકે છે, કારણ કે ભગવાને તેને તે કરવા કહ્યું છે. સ્વામીએ

ભાર પૂર્વક કહ્યું કે જ્યારે ભગવાનની કૃપા ભક્તના મજબૂત ઈરાદા સાથે મળે છે, ત્યારે આપણે તેને ચમત્કાર કહીએ છીએ, જે ખરેખર એમની રીતે જ બને છે.

આ રીતે શ્રદ્ધા ખૂબ અગત્યની છે. આ શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઈએ. અધૂરી શ્રદ્ધા પરિણામ આપતી નથી. એક તરફ આપણે પ્રાર્થના કરીને કહીએ કે " સ્વામી મને મદદ કરો, સ્વામી મને મદદ કરો" અને બીજી તરફ આપણે શંકા વ્યક્ત કરીએ કે સ્વામી મને સાચે જ મદદ કરશે કે કેમ ? આપણે એવો વિચાર વ્યક્ત ન કરી શકીએ કે સ્વામીએ તે વ્યક્તિને મદદ ન કરી એટલે મને પણ કરશે નહીં. આપણે આપણાં મગજમાં આવો વિચાર જરાપણ પ્રવેશવા દેવો જોઈએ નહીં અને શંકા વ્યક્ત કરવી જોઈએ નહીં. આપણી શ્રદ્ધા સંપૂર્ણ અને સંપૂર્ણ હોવી જોઈએ. સંપૂર્ણ શ્રદ્ધાનો અર્થ શું છે અને કેવી રીતે એનો વિકાસ કરવો જોઈએ?

**<u>કમ્પ્યૂટર પ્રોગ્રામનું ડીબગિંગ (કમ્પ્યૂટર ખામીઓ દૂર કરવી).</u>**

હું આ વિષયને મન અને શ્રદ્ધા સાથે બીજા વ્યક્તિગત અનુભવ સાથે પૂરો કરવા માગું છું. મારા જીવનનો આ એક એવો ટાઈમ હતો કે જ્યાં હું સ્વામીમાં સંપૂર્ણ શ્રદ્ધાની શક્તિનો સાક્ષી બન્યો અને ત્યાર પછીના ચમત્કારોનો પણ. આ મારા વિદ્યાર્થીકાળના સમયમાં બન્યું જ્યારે હું ૧૯૯૦ થી ૧૯૯૨ સુધી શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ હાયર લર્નિંગમાં એમ.બી.એ. કરી રહ્યો હતો. પ્રથમ વર્ષના અંતે વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષના પ્રોગ્રામના ભાગરૂપે તેમનો પ્રોજેક્ટ ચાલુ રાખવાની આશા રાખી રહ્યા હતા. તે દ્વિતીય ડેટાબેઝડ પ્રોજેક્ટ આશરે ત્રણ માસનો હતો. મારા ગાઈડ પ્રો. યુ.એસ. રાવ હતા. તેઓ યુનિવર્સિટીની ફેકલ્ટીના ખૂબ જ સિનિયર સભ્ય હતા. ત્યારે બિઝનેસ સ્કૂલના ડીન પણ હતા. અમે એક અલગજ સમસ્યાનું બીડુ ઝડપ્યુ હતું. જે કમ્પ્યુટર સીમ્યુલેશન ઓફ પ્રોડકશન જોબ શોપની હતી. મારે આ પ્રોગ્રામને "ફોરટ્રાન" ભાષામાં લખવાનો હતો જે જોબ શોપ સંબંધિત સીમ્યુલેટેડ હતો. મારે વિવિધ પ્રકારના શીડયુલીંગ નિયમો તપાસવાના હતા. જેમાં સૌથી અસરકારક નિયમો મશીન શોપમાં શીડ્યુલીંગ જોબ તરીકે હતા. મેં પ્રોગ્રામના કોડ લખવામાં કલાકોના કલાકો વિતાવ્યા. પ્રોગ્રામના કોડીગમાં મેં ઘણું સારું કામ કર્યું હતું અને મોટાભાગના સાચાં પરિણામો મળ્યાં હતાં પરંતુ જ્યારે અમે નવા નિયમોનું પરીક્ષણ કરી રહ્યાં હતાં કે જેને અમે બંને- પ્રોફેસર રાવ અને હું-આત્મસ્ફૂરણાંથી સૌથી શ્રેષ્ઠ માની રહ્યા હતા તે પ્રોગ્રામ સરળતાથી ચાલી રહ્યો નહોતો. ત્યાં કેટલીક બગ (યાંત્રિક ખામી) હતી જે મને સીમ્યુલેશન પ્રોગ્રામનો અમલ કરવામાં અટકાવતી હતી. કમ્પ્યુટર પ્રોગ્રામમાં આ એક સામાન્ય અનુભવ છે, તેથી મેં ડીબગીંગ કરવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ નિષ્ફળ ગયો. દિવસો અને અઠવાડિયાંઓ પસાર થતા રહ્યા પરંતુ હું હંમેશા પ્રોગ્રામના આ ભાગમાં જ ચોંટી રહ્યો હતો. આ રીતે સમયમર્યાદા નજીક આવી ગઈ હતી અને રિપોર્ટ જમા કરાવવાના ત્રણ કે ચાર દિવસ જ બાકી રહ્યા હતા. મારે આ પ્રોગ્રામ સફળતાપૂર્વક પાર પાડવાનો હતો અને મારા રિપોર્ટનું સંપૂર્ણ લખાણ અને મુદ્રણ કરવાનું હતું. હવે આ કાર્ય લગભગ અશક્ય લાગી રહ્યું હતું.

જો હું આ મોડ્યૂલમાંથી પસાર થાઉં તો મારો પ્રોજેક્ટ પૂર્ણ થઈ શકે. હું સ્વામીને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી રહ્યો હતો, છતાં કોઈ હકારાત્મક પરિણામ મળી રહ્યું નહોતું. હવે ફક્ત બે દિવસ જ બાકી રહ્યા હોવાથી મારો જુસ્સો ધીમો પડયો. જો હું આ પ્રોજેક્ટમાં સફળ ન થાઉં તો મારે કોઈ બીજો પ્રોજેક્ટ લેવો પડે અને તે પછીના પ્રોજેક્ટ માં પણ હું સફળ થાઉં કે કેમ તે ચોક્કસ નહોતું. મારા વિદ્યાર્થીકાળનો આ નબળો સમય હતો. મેં પ્રશાંતિ નિલયમના સેન્ટરમાં બેસીને ફરીથી સ્વામીને સાદ

કર્યો. હું કમ્પ્યુટર સ્ક્રીનની સામે જ હતો. અને પ્રોગ્રામને ડીબગીંગ કરી રહ્યો હતો. મેં સ્વામી જોડે ગંભીરતાપૂર્વક વાર્તાલાપ કર્યો. મેં મારી જાતને કહ્યું, "સ્વામી, શું ખરાબ થઈ રહ્યું છે? મેં મારા ઉત્તમ પ્રયત્નો સામેલ કર્યા છે. એવું નથી કે હું આળસ કરતો રહ્યો અને મારું કામ કરતો ન હતો. હું હંમેશા જાગૃત છું કે તમારી "કૃપા" પણ હંમેશા ત્યાં છે. તો પછી હું મારા પ્રયત્નોમાં કેમ સફળ થતો નથી? તાર્કિક રીતે એમાં કશું ખોટું દેખાતું નથી. હું દરેક અલ્પવિરામ અને પૂર્ણ વિરામમાંથી પસાર થયો છું. તો પછી હું આ બગથી છુટકારો કેવી રીતે મેળવી શકું ?" અચાનક મારામાં તીવ્ર લાગણી પેદા થઈ અને મેં કહ્યું, "સ્વામી, મેં તમારા ઘણાં વક્તવ્યો વાંચ્યા છે, જેમાં તમે કહો છો કે તમે નાનામાં નાના પણ છો અને મોટામાં મોટા પણ છો. જો તમે દિવ્ય શક્તિ તરીકે નાનામાં પણ નાના છો, તો પછી તમે આ કમ્પ્યુટર પ્રોગ્રામમાં પણ હાજર છો. કારણ કે પ્રોગ્રામ માટે ૦ અને ૧ સિવાય કંઈ નથી. ફક્ત વિદ્યુત ઉર્જા છે અને તમે ત્યાં દરેક ૦ અને ૧ માં છો. આ કમ્પ્યુટર પ્રોગ્રામના દરેક ભાગમાં તમારો વાસ છે. તેથી તમે જ એકમાત્ર એવી વ્યક્તિ છો કે જે જાણે છે કે ખરેખર બગ ક્યાં છે?" આ વિચાર મારા મગજમાં અત્યંત મજબૂત થયો અને આ વિચારને મેં એક પડકાર તરીકે ઝીલી લીધો. મેં મારી જાતને કહ્યું, " સ્વામી જો મારી પ્રતીતિ સાચી હોય, જો મારી સમજણ સાચી હોય, તો મહેરબાની કરીને મારી પ્રાર્થનાને પ્રતિભાવ આપો. હું જાણું છું કે તમે દરેક અણુમાં છો, દરેક પરમાણુમાં છો. તમે જ ફક્ત આ સમસ્યા ઊકેલી શકો છો. મહેરબાની કરીને આટલું કરો." મારી બધી પ્રતીતિની શક્તિથી મારું પ્રાર્થનાસભર હૃદય અને સંપૂર્ણ શરણાગતિ મેં એમના ચરણ કમળમાં ધર્યા. પછી મેં "એન્ટર" બટન દબાવ્યું. એ ખરેખર શાબ્દિક રીતે "લો અને જુઓ" ક્ષણ હતી! પ્રોગ્રામ સરળતાથી ચાલ્યો અને તેણે અદ્દભૂત પરિણામ આપ્યું કે જેની મેં અપેક્ષા રાખી હતી. પ્રોજેક્ટ સફળ થયો. હું મારાં પેપરોનું લખાણ અને છાપકામ સમયમર્યાદામાં જમા કરાવી શક્યો. પાછળથી, પ્રો. રાવ અને મેં આ પેપર પ્રકાશિત કર્યું. જેને મેડલ જીતવામાં પણ સફળતા મળી હતી. શા માટે નહીં? કારણ કે છેવટે તો તે ભગવાનના ખાસ આશીર્વાદ જ હતા ! આ અનુભવ સૌની સામે રજુ કરવાનું કારણ એ જ છે કે હું સ્વામીમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાનો પાઠ શીખ્યો. આખરે તમામ ચીજોએ ફક્ત ને ફક્ત સ્વામી પાસે જ પહોંચવાનું છે. બીજી કોઈ બાબત નથી. એવો સમય આવે છે કે ભગવાનની કૃપા વરસે છે અને આપણો બચાવ થાય છે. તેથી મનના આ સ્તરે એક જ બાબત જરૂરી છે "સંપૂર્ણ શ્રદ્ધા". ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખો.

**<u>આત્મા તરીકે, હું તમારી સાથે જોડાયેલો છું.</u>**

શ્રી સત્ય સાઈ (એસ.એસ.એસ.), ત્રીજો 'એસ' અણુકક્ષાએ સંકળાયેલો છે અને તે શરણાગતિ માટે છે. જ્યારે "હું" મારી જાત સાથે જોડાઉં છું, ત્યારે સ્વામી અને હું એક જ છીએ. આપણે અત્યારે જે અનુભવી રહ્યા છીએ, તે ફક્ત ભ્રમણા છે. ક્ષણિક રીતે "હું" દૈવી પ્રતિભા-માનવ અનુભવમાંથી પસાર થઈ રહ્યો છું. પરંતુ વાસ્તવમાં બધું એક જ છે. શરણાગતિ એટલે મારા ઉચ્ચ આત્મા સાથે પૂરી રીતે એકરૂપ થવાનું છે. સ્વામી પણ સર્વ વ્યાપક છે.

ભગવાન, આજે તમે જ એકમાત્ર એવી વ્યક્તિ છો કે જે આ દુનિયાને બચાવી શકે છે. ડોક્ટરો તેમનાથી બનતું થોડું-ઘણું કરશે, સંશોધકો પણ કદાચ એમનાથી થાય એટલું કરશે, આપણે કદાચ બધા લોકોને વેકસિન મૂકીશું, પરંતુ અંતે, ફક્ત તમે જ એક એવા છો કે જે પૃથ્વીને બચાવી શકો છો. આપણાં બધાએ આ વાત ધ્યાનમાં રાખીને સ્વામીને સંપૂર્ણ સમર્પિત થવાનું છે. અને તે શરણાગતિ ક્ષણિક શરણાગતિ નથી. આપણે શરણાગતિના રાજ્યમાં સમર્પિત થવાની જરૂરિયાત છે.

**ગુરુનો પ્રેમ.**

આ સ્થળે, મને બીજા એક પ્રસંગનો ઉલ્લેખ કરવાનું ગમશે. તે ૧૯૯૦નો છે. પ્રસંગ પ્રશાંતિ નિલયમમાં દશેરાની ઉજવણીનો હતો. એક સાંજે ભગવાનનો દિવ્ય સંદેશ આકાશમાંથી થતા ધડાકા જેવો હતો. ભગવાન "દેખીતી રીતે ગુસ્સે" હતા. આસપાસ જે બધી વસ્તુઓ બની રહી હતી તેનાથી તેઓ ભક્તોની વિવિધ પ્રકારની ભૂલોનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ભગવાન ભક્તોને એવો ઉલ્લેખ કરીને ઠપકો આપી રહ્યા હતા કે જો તમારા હૃદયમાં કોઈ પરિવર્તન ન આવતું હોય તો આશ્રમમાં રહેવાનો કોઈ અર્થ નથી. તે સાંજે વાસ્તવમાં વરસાદ પણ પડી રહ્યો હતો અને ભગવાનનો દિવ્ય સંદેશ પણ મુશળધાર વરસાદ જેવો જ હતો. ભગવાનના સંબોધન પછી અમે પાછા અમારી હોસ્ટેલમાં આવ્યા અને રાત્રિ ભોજન લીધું. રાત્રી ભોજન બાદ, પ્રો. નંજુંનદૈયાહ -શ્રી સત્યસાઈ ઇન્સ્ટિટયૂટ ઓફ હાયર લર્નિંગમાં ત્યારના પરીક્ષા વિભાગના કંટ્રોલર હતા અને ભગવાનના વાર્તાલાપોના ભાષાંતરકાર પણ હતા. તેમણે અત્યંત ઉશ્કેરાટમાં અમારી હોસ્ટેલની મુલાકાત લીધી. એમણે વોર્ડનને સૂચના આપી કે તમામ શિક્ષકો ગેસ્ટરૂમમાં ભેગા થાય કારણ કે એમણે ખૂબ જ અગત્યની વાત કહેવી છે.

અમે ઉતાવળે ગેસ્ટરૂમની આસપાસ ભેગા મળ્યા અને પ્રો. નંજુંનદૈયાહે અમને કેટલાક અદ્દભૂત સંદેશાઓ કહ્યા જે આ ચર્ચાને ખૂબ જ અનુરૂપ છે. સામાન્ય રીતે, સાંજના ફંકશન બાદ, જ્યારે ભગવાન મંદિરના ઈન્ટરવ્યુ રૂમમાં દાખલ થયા ત્યારે વાઈસ ચાન્સેલર, રજીસ્ટ્રાર અને યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના કંટ્રોલર પણ સ્વામી સાથે ટૂંકા વાર્તાલાપ માટે સામેલ હતા. તે સાંજે સ્વામી તરફથી ઠપકારૂપી "ધોધમાર વરસાદ" પડયા બાદ, પ્રો. નંજુંનદૈયાહ ઈન્ટરવ્યુ રૂમમાં બેઠા હતા. તેમણે ભગવાનને ઉચ્ચ સ્વરમાં કહ્યું, " સ્વામી આજે અમે તમારું રૌદ્ર સ્વરૂપ જોયું." જે ક્ષણે તેમણે આ શબ્દો ઉચ્ચાર્યા, સ્વામી વધુ ઉગ્ર સ્વરૂપે દેખાયા અને વધુ ગુસ્સે થઈને એમણે કહ્યું, "તમે શું કહો છો? શું તમે રૌદ્ર સ્વરૂપનો અર્થ જાણો છો ખરા ? જો હું મારું ખરેખર રૌદ્ર સ્વરૂપ ધારણ કરું તો તમારામાંથી કોઈ પણ એની સામે ઉભો રહી શકે નહીં. શા માટે તમે જ ? આખી સૃષ્ટિ ક્ષણના પણ એક ભાગમાં ઓગળી જશે. આખું સર્જન નાશ પામશે. તમારી પાસે તેનો ખ્યાલ જ નથી. મારા વાર્તાલાપમાં મેં તમને બધાને ઠપકો આપ્યો. એ મારો ગુસ્સો નથી. મારો પ્રેમ છે. આ તમારા ગુરુનો પ્રેમ છે. તમારે બધાએ અત્યંત ખુશ થવું જોઈએ કે તમારા ગુરુ તમને બધાને ચાહે છે અને તમને બધાને સુધારી રહ્યા છે. જો હું તમને નહીં સુધારું તો કોણ તમને સુધારશે? હું તમને ચાહું છું અને તમને બધાને સુધારી રહ્યો છું. જે દિવસે ગુરુ તમને સુધારવાનું બંધ કરશે, તમારું જીવન મૃત્યુ તરફ આગળ વધશે અને તે દિવસ પસ્તાવાનો હશે. તમારે ખરેખર તેનાથી ગભરાવવું જ જોઈએ અને નહીં કે મારા ઠપકાથી."

**તમે અને હું એક જ છીએ.**

ભગવાને તે સાંજે પ્રો. નંજુંનદૈયાહને ભારપૂર્વકનો સંદેશો આપ્યો. સ્વામીએ કહ્યું, " તમને આ સમજાય કે ન સમજાય, તમે અને હું એક જ છીએ. તમને આ તમારી અજ્ઞાનતાને કારણે સમજાશે નહીં. આપણે બંને જીવન નામની એક જ મુસાફરીમાંથી પસાર થઈ રહ્યા છીએ. તફાવત ફક્ત એટલો જ છે કે તમે એમાં ખોવાઈ ગયા છો, જ્યારે હું એનો એકમાત્ર સાક્ષી છું. તમે જે દુઃખ-દર્દોમાંથી પસાર થાઓ છો, દરેક વિચાર અને લાગણીમાંથી પસાર થાઓ છો, તમે જે આનંદમાંથી પસાર થાઓ છો -તેનાથી હું વાકેફ છું. તમારા હૃદયના આંતરિક વમળમાં શું વાગોળાઈ રહ્યું છે તે હું જાણું છું. તમારે પ્રાર્થના કરવાની કે મને કહેવાની જરૂર નથી. તફાવત એ જ છે કે હું એકમાત્ર સાક્ષી

છું. જ્યારે તમે બધા દુનિયાના અનુભવોમાંથી પસાર થઈ રહ્યા છો. તમે એ કેવી રીતે શક્ય બનાવો કે હું તમને મદદ કરી શકું ? નિયમ મુજબ મેં તમને આ દુનિયાનો આનંદ લૂંટવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી દીધી છે. તમે જેમાંથી પસાર થાઓ છો એ તમારું પોતાનું સર્જન છે. મારા સૃષ્ટિના નિયમ મુજબ, હું તમારા જીવનની મુસાફરીમાં દખલ દેવાને પાત્ર નથી. હું ફક્ત એક માર્ગદર્શક બની શકું. તમને સાચી દિશા બતાવી શકું. મારા સંદેશાઓ આપી શકું, હું એક "અવતાર" તરીકે આવી શકું. તમને આધ્યાત્મિક સંદેશાઓ એ આશાએ આપુ છું કે તમે તે સાંભળશો, તેનો ફાયદો મેળવશો અને ભ્રમણાંમાંથી બહાર આવશો. હું એના સિવાય કશું વધારે ન કરી શકું, સિવાય કે તમે મને સમર્પિત થાઓ અને કહો કે- સ્વામી હું તમારો છું. આ - તમને મારામાં આવવાની મંજૂરી આપે છે. જેથી હું તમારા જીવનમાં પ્રવેશી શકું, માર્ગદર્શન આપી શકું અને દરેક પગલે તમારા જીવનનું રક્ષણ કરી શકું. હું ત્યાં તમારી સાથે હોઈશ, એ રીતે કે જે રીતે આંખના ભવાં આંખનું રક્ષણ કરે છે. હું સંપૂર્ણ રીતે તમારી ઉન્નતિની જવાબદારી લઈ લઈશ." પરંતુ આપણે તેમને આ મંજૂરી આપવાની જરૂર પડે છે. આ "મંજૂરી આપવી" એ ખ્યાલ, શરણાગતિનો સિદ્ધાંત છે.

<u>**ભગવાન આપણાં પાયલોટ છે.**</u>

એક નાની છોકરીની જાણીતી વાર્તા સાથે આ લેખ મને પૂરો કરવા દો. આ છોકરી એક વિમાનમાં મુસાફરી કરી રહી હતી અને છોકરી એકલી જ હતી અને બારીની બાજુની સીટ હતી. આકાશમાં અચાનક હવાનું તોફાન આવ્યું જે વિમાનને ભયાનક રીતે હલાવી રહ્યું હતું. એ છોકરીથી થોડે દૂર એક ધર્મગુરૂ બેઠા હતા. જેવું વિમાન હાલક-ડોલક થવા લાગ્યું, બધા મુસાફરો ભયથી ગભરાઈ ગયા હતા. ઘણાં બૂમો પાડી રહ્યા હતાં ધર્મગુરુએ નોંધ લીધી કે આ છોકરી ખૂબ જ શાંત રીતે બેઠી હતી. ધર્મગુરુ પોતે પણ ખૂબ ચિંતાતુર હતા. તેઓ પોતે વિચારી રહ્યા હતા કે આ છોકરી કેમ આટલી શાંતિથી બેઠી છે. થોડી મિનિટો બાદ હવાનું તોફાન અટકી ગયું. વિમાને ફરીથી સ્થિરતા જાળવીને ઊડવાનું ચાલું રાખ્યું. પછી વિમાને સલામત ઉતરાણ કર્યું. પેલા ધર્મગુરુ તે છોકરી વિશે જાણવા ખૂબ જ ઉત્સુક હતા. તેની આંતરિક શાંતિ અને ધીરજ વિશે પણ જાણવા ઉત્સુક હતા. વિમાનમાંથી ઉતર્યા બાદ તેઓ પોતે પેલી છોકરી પાસે ગયા અને તેને અભિનંદન આપ્યાં. પછી પૂછ્યું કે આટલી બધી ભયાનક સ્થિતિ વચ્ચે પણ તું વિમાનમાં કેમ એકદમ શાંત રહી ? નાનકડી મધુર છોકરી હસી, ખૂબ જ આત્મસ્ફૂરણાંથી અને નિર્દોષતાથી જવાબ આપ્યો, "સાહેબ ભય માટેનું કારણ ક્યાં હતું? શું તમે નથી જાણતા કે પાયલોટ તો મારા પિતાજીજ હતા? તેથી મને ખાત્રી હતી કે તેઓ મારી કાળજી રાખશે જ." આ સાંભળી ધર્મગુરુ આશ્ચર્યચકિત બની ગયા. કેવી પ્રશ્ન વિનાની શ્રદ્ધા આ છોકરીમાં તેમના પિતાજી પર હતી કે જેના હાથમાં વિમાનનું સ્ટીયરંગ હતું. આ દ્રષ્ટાંત પરથી આપણે શું બોધપાઠ લઈ શકીએ ? જ્યારે આપણાં ભગવાન જ આપણાં જીવનના પાયલોટ હોય, તો પછી આપણું જીવનરૂપી વિમાન હાલક-ડોલક થાય ત્યારે આપણે ભયભીત શા માટે થવું જોઈએ? જ્યારે ભગવાન જ આપણા સૃષ્ટિકર્તા છે, તો પછી આપણે સૃષ્ટિથી ડરવું શા માટે જોઈએ ? આજે આ સૃષ્ટિ મહામારીના કારણે ભય અને ચિંતાથી ભરેલી છે, પરંતુ આપણે શા માટે એ ભૂલી જઈએ છીએ કે સૃષ્ટિના રચયિતા તો આપણી અંદર જ છે. તે પછી કોઈ મહામારી હોય કે અન્ય કટોકટી હોય, "સ્વામી" જ આપણાં પાયલોટ છે અને તેઓ આપણને આપણાં ગંતવ્ય સ્થાન સુધી સલામત રીતે લઈ જશે. આ ગર્ભિત શ્રદ્ધા "નિર્દોષ બાળકમાં જેમ છે" તેવી જ શ્રદ્ધા આપણે ભગવાનમાં રાખવી જોઈએ.

આપણે આપણું ધ્યાન સર્જન માંથી સર્જક

તરફ લઈ જવાની જરૂરિયાત છે એમાં શંકાને સ્થાન નથી કે આપણે આ સર્જનમાં જે બધી બાબતો બની રહી છે, તેનાથી વાકેફ રહેવાની જરૂરિયાત છે. આપણે બધા જ નીતિ-નિયમોનું પાલન કરવું જરૂરી છે. આપણાં ઉપર કોવિડના જે નિયંત્રણો લદાયા છે તેનું પાલન કરવું જરૂરી છે, પરંતુ આપણાં હૃદયના ઊંડાણમાં, આપણે એ ન ભૂલવું જોઈએ કે વિજ્ઞાનની થિયરીઓ બદલાઈ રહી છે, મેડિકલ દુનિયાની થિયરીઓ પણ બદલાઈ રહી છે, પરંતુ એક ન બદલાતું સત્ય શાશ્વત છે કે જે પ્રહલાદ, ધ્રુવ, દ્રૌપદી, લક્ષ્મણ માટે હતું તે આપણાં માટે પણ છે !

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ્ |
તસ્માત કારુણ્ય ભાવેન રક્ષ રક્ષ સાઈશ્વર ॥

(તમારા સિવાય અન્ય કોઈ નથી કે, જેનું હું શરણું લઈ શકું, ભગવાન તમે તમારી કરુણાં બતાવો, ઓ ભગવાન, મહેરબાની કરી મારું રક્ષણ કરો, ઓ સાઈશ્વરા)

સ્વામી કોઈ પણ સાધન/નિમિત્ત સાથે કાર્ય કરી શકે છે. એ સાધન ડૉકટર હોઈ શકે છે, દવા પણ હોઈ શકે છે, વેકસીનેશન પણ હોઈ શકે છે અથવા આપણે કોરોનાથી અસરગ્રસ્ત જ ન થઈએ એવું યે બને; પરંતુ આ બધુ થવું એ એની જ કૃપા છે.

અંતે, આટલું યાદ કરી લઈએ,-આપણે એક નથી પણ ત્રણ છીએ. આપણે શરીરનો વિચાર કરીએ તો આપણે "એમનું" સાધન છીએ અને આપણે સેવામાં રત રહેવું જઈએ. આપણે જો મનની સાથે જોડાવાનો વિચાર કરીએ, તો આપણે "એમની" ચિનગારી છીએ; એમનું જ પ્રતિબિંબ છીએ, અને આથી આપણે એમનામાં શ્રદ્ધા રાખવી જોઈએ અને આપણે જો ઉચ્ચ/પરમ તત્વ જોડે જોડાતા હોઈએ તો આપણે અને 'તે' એક જ છીએ. આ સ્થિતિમાં રહેવા માટે આપણે શરણાગતી તત્વ વિકસાવાની જરૂર છે.

આવો, આપણે આપણી જાતને સકારાત્મક ઊર્જાથી ભરી દઈએ. આ દેશવ્યાપી બિમારીથી દૂર રહેવાનો એક માત્ર ઉપાય છે. નકારાત્મકતાથી ભરેલા આ વાતાવરણમાં, આપણે સકારાત્મક ઊર્જાના એવા સ્તંભ બનીને ઉભા રહીએ કે લોકો આપણી પાસે આવે અને આ સકારાત્મક ઊર્જા લઈ જાય. સમગ્ર વિશ્વને આ સકારાત્મક સ્પંદનોથી ભરી દઈએ. જે દિવસે આ આપણે કરીશુ ત્યારે જ આ પેન્ડેમિકનો અંત આવશે.

(લેખક - શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ હાયર લર્નીંગ બ્રિંદાવન કેમ્પસના મેનેજમેન્ટ અને કોમર્સ ડીપાર્ટમેન્ટમાં સહ પ્રાધ્યાપક છે)

## દુશ્મન, અગ્નિ, દેવુ અને રોગનો સંપૂર્ણ નાશ કરો

**દુષ્ટ મનુષ્ય સાથે માત્ર સંગ કરવાથી જ દુષ્ટ મૈત્રી બનતી નથી. દુષ્ટ ગુણોને કેળવવું એ પણ દુષ્ટ મૈત્રી જ છે. વિદ્યાર્થીઓએ દુર્ગુણો જેવા કે અહંકાર, અદેખાઈ, જુઠાણું, દંભ વિગેરેને તેમના હૃદયમાં વિસ્તારવા ન જોઈએ. કારણ તેઓ મનુષ્યના સૌથી ખરાબ દુશ્મનો છે. એકવાર મનુષ્ય તેમના દુશ્મનોને સંપૂર્ણ રીતે ઉખેડી નાખે ત્યારે માનવી પૂર્ણ ભપકાથી પ્રકાશે છે. ધાર્મિક ગ્રંથોએ કહ્યું છે કે, 'રોગ, દેવું, દુશ્મન અને અગ્નિને સંપૂર્ણ રીતે દબાવી દેવા જોઈએ. તેનો અણસાર માત્ર પણ નહીં રહેવા દેવાનો.'**

**વેદોનો આદેશ છે. 'શત્રુ શેષા', 'અગ્નિ શેષા', 'ઋણ શેષા' અને 'રોગ શેષા' એ ભયજનક છે. (દુશ્મન, અગ્નિ, દેવુ અને રોગનો અણસાર પણ ન રહેવા દેવો) જો દેવું પુરેપુરૂ ભરપાઈ નહીં કરાવ્યું તો નહીં ભરેલું દેવું કુદકે અને ભુસકે વધે અને તેના ઉપર વ્યાજ ગણવાથી મૂળ આંકડા જેટલી રકમ બને,. તે જ પ્રમાણે જો દર્દીને સંપૂર્ણ સાજો થયા વિના ઈસ્પિતાલમાંથી છુટો કરવામાં આવે તો રોગના ચિન્હો જે તેનામાં રહી ગયા હોય છે તે ઉથલો મારે અને તેને ભયજનક પુરવાર થાય.**

**તે જ રીતે જો અગ્નિને સંપૂર્ણ ઓલવવવામાં ન આવે તો બાકી રહેલો અગ્નિ દાવાનળમાં ભભુકી ઉઠશે. જો દુશ્મનને પણ પૂરો હણી નહીં નાખ્યો હોય તો સમય જતાં તે મનુષ્યને નુકશાનકારક પુરવાર થશે. દુશ્મનોનો સંપૂર્ણ વિનાશ મનુષ્યને શાંતિ પ્રાપ્ત કરાવે છે. (વૃંદાવનમાં વસંત વર્ષા ૧૯૯૩)**

# પ્રશાંતિ નિલયમ્ ખાતે ઉજવણી

### અહેવાલ

## પ્રશાંતિ નિલયમ્ ખાતે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો પવિત્ર ઉત્સવ પ્રશાંતિ નિલયમ ખાતે ૩૦ ઓગષ્ટ ૨૦૨૧ ની સવારે અનન્ય ભક્તિ અને પવિત્રતા સાથે ઉજવવામાં આવ્યો.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત રોજીંદા વેદગાનથી થઈ. ત્યાર બાદ પ્રશાંતિ મંદિર ભજનગૃપ દ્વારા અપ્રતિમ સંગીત દ્વારા થઈ. ભજન ગૃપે આત્માને ઝંકૃત કરી દે તેવા ભજનો કે જેના દિવ્ય સ્પંદનો ભક્તિથી ભરપૂર હતા તે ભગવાન શ્રી કૃષ્ણના ચરણોમાં સમર્પિત કર્યા.

બરાબર ૯.૧૫ કલાકે વેદ ચેન્ટીંગ અને ભજન ગૃપે શૃંગારિત ગાયો અને વાછરડા સાથે વેદગાન કરતાં કરતાં "સાઈ કુલવંત હૉલમાં પ્રવેશ કર્યો. ભજન ગૃપ ભગવાન ગોપાલની ભવ્યતા-દિવ્યતાના ભજનો ગાતા હતાં. વરિષ્ઠ ભક્તો દ્વારા ગાયોને ખવડાવવામાં આવ્યું.

ગાયક ગૃપ દ્વારા ભગવાન શ્રી કૃષ્ણની સ્તુતિ કરતા ભજનો ગવાતા હતાં જેમાં ખાસ કરીને "બડા નટખટ હૈ રે ક્રિષ્ણ કનૈયા, "શ્યામ તેરી બંસી પુકારે રાધા નામ", "શ્રી કૃષ્ણાષ્ટકમ" અને "મધુરાષ્ટકમ સ્તોત્ર", "બડા ચિત્ત ચોરા, બ્રિન્દાવન સંચારા", "મન મોહના નંદલાલા", "ગોવિંદા ગોપાલા પ્રભુ ગિરિધારિ" ભજનો હતા.

આ પછી ભગવાનનું દિવ્ય પ્રવચન થયું, જેનો ખાસ પસંદ કરેલ ભાગ LED સ્ક્રીન પર બતાવવામાં આવ્યો. તેમના પ્રવચનમાં, ભગવાને શ્રીકૃષ્ણની કેટલીક લીલાઓ (દૈવી ટીખળો) વર્ણવી હતી જે શ્રીકૃષ્ણનો દિવ્ય મહિમા અને ગોપીકોની ઊંડી ભક્તિ દર્શાવે છે, જેમણે એક અને બધાને ભક્તિનો સિદ્ધાંત શીખવ્યો હતો. ભગવાને “ગોવિંદ કૃષ્ણ જય ગોપાલ કૃષ્ણ જય” ભજન ગાઈ પ્રવચન વિરામ આપ્યો.

તે પછી ભજનો ગાવામાં આવ્યા અને આરતી સાથે પુર્ણાહૂતી કરવામાં આવી અને આમ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવને સુખદ વિરામ આપવામાં આવ્યો.

શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર દ્વારા આભાર દર્શન કાર્યક્રમ.

રેડિયો સાઈ ગ્લોબલ હાર્મની એ ૨૦ મી વર્ષ ગાંઠ નિમિત્તે સૌ ભક્તોનું ધ્યાન કેન્દ્રિત કર્યું. રેડિયો કાર્યક્રમની શરૂઆત ભગવાને વર્ષ ૨૦૦૧ માં કરી હતી. શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટરે સુંદર, માહિતીપ્રદ, અને સાંસ્કૃતિક કાર્યક્રમ ૩૦ ઓગષ્ટ ૨૦૨૧ ની બપોરે રજૂ કર્યો, જેમાં ટૂંકા ભાષણો, એકાંકી નાટકો અને ભક્તિમય ભજનોનો સમાવેશ થતો હતો. એક વર્ષ પછી રેડીયો કાર્યક્રમના ઉદ્‌ઘાટન પછી ભગવાને ૨૯ ઓગષ્ટ ૨૦૦૨ ના રોજ સ્ટુડિયો ખુલ્લો મુક્યો ત્યારથી રેડિયો સાઈ દર વર્ષે ૨૯ ઓગષ્ટને "વાર્ષિક દિન" તરીકે ઉજવે છે. વર્ષ ૨૦૨૦ શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ દ્વારા બીજી બધી સગવડો અને અન્ય ત્રણ અત્યાધુનિક સ્ટુડિયોનું નિર્માણ કરવામાં આવ્યું. રેડીયો સાઈનું "શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર" તરીકે નવીન નામકરણ કરવામાં આવ્યું. જે સંસ્થા શરૂઆતમાં માત્ર રેડીયો કાર્યક્રમની રજૂઆત કરતી તે "મિડીયા સેન્ટર" તરીકે સંપૂર્ણ વિકસિત થઈ ચૂકી છે.

આ સમગ્ર કાર્યક્રમ, ભગવાન શ્રી સત્ય સાઈબાબા પ્રત્યે આભાર દર્શનનો કાર્યક્રમ હતો. કારણ કે ભગવાને "શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર" ના તમામ કર્મીઓને એ તક પૂરી પાડી જેના થકી તેઓ ભગવાનના દિવ્ય સંદેશાઓને દુનિયાના તમામ ભાગોમાં રેડીયો કાર્યક્રમ તથા મિડીયા કાર્યક્રમો દ્વારા પ્રસારિત કરી શકે. કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે શ્રી સત્ય સાઈ મિડીયાના કાર્યક્રમોએ નવી ઊંચાઈ પ્રાપ્ત કરી હતી, જેમાં ગુણવત્તા અને વિવિધતાનું ઉચ્ચ કક્ષાનું પ્રમાણ હતું. કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન સમયના કેટલાક જુના વિડીયોના પ્રસારણનો પણ સમાવેશ હતો. ભગવાન દ્વારા રેડીયો સાઈ અને સ્ટુડિયોની શરૂઆત અને દેશ-વિદેશ ના વિચારકોના તથા કાર્યક્રમ જોનારાના વિચારો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આભાર દર્શન પછી ભજન શરુ થયા અને આરતી બાદ કાર્યક્રમનું સમાપન થયું.

પ્રશાંતિ નિલયમ ખાતે ગણેશ ચતુર્થી ની ઉજવણી.

પવિત્ર તહેવારનું મહત્વ અને ભગવાન શ્રી ગણેશજીનો દિવ્ય મહિમા ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૧ રોજ પ્રશાંતિ નિલયમ ખાતે આયોજિત ગણેશ ચતુર્થીના પર્વ પર રજૂ કરવામાં આવ્યો.

સવારનો કાર્યક્રમ વેદગાન અને ગણેશજીની

પ્રાર્થના સાથે શરૂ થયો. ત્યાર બાદ પ્રશાંતિ મંદિર ભજન ગ્રુપ દ્વારા આત્માને ઝંકૃત કરી દેતા સંગીતમય ભજનો પ્રસ્તુત થયા. સમગ્ર વાતાવરણ ભક્તિમય સંગીત અને સ્તોત્ર-મંત્રો દ્વારા મંત્ર મુગ્ધ થયું. હિન્દી ગીતો અને તેલુગુ ભાષામાં શાસ્ત્રીય સંગીત રજુ થયા જેની શરૂઆત ગણપતિ સ્તોત્રમ્ અને ગણેશ પંચરત્નમ્ થી થઈ. ગાયકોએ ભક્તિ સંગીત અને ભજનો ગાયા જેમાં "જય ગણેશ જય ગણેશ દેવા", "જય ગણરાયા-શ્રી ગણરાયા", " જય જય જય ગણપતિ દેવા" વગેરે ભજનો સમાવિષ્ટ હતા. આરતી સાથે સવાર ના કાર્યક્રમ ને વિરામ આપવામાં આવ્યો.

સાંજના કાર્યક્રમ ની શરૂઆત ૪.૩૦ કલાકે વેદગાન સાથે કરવામાં આવી અને તે પછી ભગવાનનં દિવ્ય પ્રવચન રજુ થયું જેમાં ભગવાન બાબાએ ગણેશ ચતુર્થીની ઉજવણીનું હાર્દ સમજાવ્યું. બાબાએ ભગવાન ગણેશજીના ગુણો ગ્રહણ કરવાની ભક્તોને ભારપૂર્વકની શીખ આપી. અન્યના કાર્યો અને કલ્યાણ અર્થે સતત પ્રયત્ન કરવા પણ કહ્યું. તેમણે કહ્યું કે માત્ર ને માત્ર પવિત્ર હૃદય જ તેઓને આકર્ષિત કરે છે. લોહ ચુંબક જેમ માત્ર ને માત્ર લોખંડના કણોને આકર્ષિત કરે છે તેમ. તેથી તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માનવીએ સૌ પ્રથમ પોતાના હૃદયને પવિત્ર બનાવવા તરફ ધ્યાન આપવું જોઈએ. બાબાએ આગળ કહ્યું કે આજે માનવીઓના હૃદય સ્વાર્થથી ભરપૂર છે તેથી સલાહ આપતા જણાવ્યું કે સ્વાર્થ છોડી દો અને માનવ જન્મની મહત્તા સમજો નહીં તો, ચેતવણીના સૂરમાં તેઓએ જણાવ્યું કે તમે ઈશ્વરની દિવ્યતાથી દૂર થતા જશો. અંતે ભગવાને "શુક્લામ્બર ધર ગણપતિ મંત્રમ" ભજન ગાયું.

ભગવાન ગણેશજીને સમર્પિત ભજનો ગાવામાં આવ્યા અને આરતી બાદ કાર્યક્રમનું સમાપન થયું.


## Diary and Calendars 2022

The eagerly awaited diary for the year 2022, "PRASANTHI NILAYAM, the Abode of Supreme Peace", is now available. The 380-page diary has a 10-page theme article, opening Divine Message, three articles on "Bhajans for Unity, Purity, Divinity", "The Sri Sathya Sai Mission of Veda Poshana" and "Seva and Sadhana", and details of important places in and around the Ashram (with their colourful collage as the back-spread); it has over 300 divine messages in two-colour diary pages, 22 multicolour art paper pages including six full-page photos of Bhagavan, with the Divine Sannidhi as the front-spread. Other Specifications: Size 14.7 x 20.6 cms, shrink-wrapped, laminated cover, gold-foiled title, artwork, spot lamination, knurling and curved stitch-binding. Code 16956. Unit price Rs.150/-* (includes GST 18%). (See chart below).




*Price chart inclusive of packing and registered Book-Post for single pack dispatch to addresses in India. For enquiry including overseas orders, send email to orders@sssbpt.org. Book your copies early.

| Diary Units | 5 | 6 | 7 | 8 | 9 | Additional 1 unit |
|---|---|---|---|---|---|---|
| Amount Rupees* | 850 | 1005 | 1160 | 1315 | 1470 | 185 |

**Scan QR to buy at**
www:srisathyasaipublications.com

Two types of beautiful multicolour calendars are expected in October 2021: A. 4 sheet Wall Calendar – 11" x 17.4" close up of Bhagavan - Rs. 18/-* each. B. 8 sheet Table Top – 6.5" x 8.5" Bhagavan with birds and animals – Rs.55/-* each. (*Includes GST 12% pkg & posting extra) Minimum order 5 units. For details send email to orders@sssbpt.org.

# રાજ્ય પ્રમુખશ્રીનો સંદેશ

સુજ્ઞ વાચકશ્રી, સાઈરામ,

સૌ કુશળ હશો, ભગવાન શ્રી સત્યસાઇ બાબાની અસીમ કૃપાથી આપણું ગુજરાત રાજ્ય અને ભારતદેશ કોરોનાની મહામારી માંથી ધીરે ધીરે મુક્તી તરફ અગ્રેસર થઇ રહ્યું છે.

આપણા શ્રી સત્ય સાઇ સેવા સંગઠન, ગુજરાતના સેવાદળ ભાઇઓ (૨૪૭) અને બહેનો (૨૦૪) પ્રશાંતિ નિલયમ ખાતે ૨૨ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી પ્રશાંતિ સેવા કરી ગુજરાત પરત ફરેલ છે. આ સર્વે સેવાદળના ભાઇઓ બહેનોની પ્રશંસનીય સેવા માટે હું સર્વેને અભિનંદન આપુ છું. ભગવાન બાબાની અસીમ કૃપા અને આશીર્વાદ તેમના અને તેમના કુટુંબીજનો પર અવિરત વરસતા રહે એજ ભગવાન ના ચરણોમાં વિનમ્ર પ્રાર્થના.

આપણે સૌ નવરાત્રી પર્વની ઉજવણી કરી રહેલ છીએ અને હવે આવનાર દિવાળી, નુતન વર્ષ અને ભગવાન બાબાના ૯૬મી જન્મ જ્યંતીની સર્વે ને બધાઇ અને આવનારું નુતન વર્ષ સમગ્ર માનવ જાતિ માટે સુખ, શાંતિ, આનંદ અને ઉત્સાહ નો નવો સુરજ લઇને આવે અને સમગ્ર માનવ જાતિ કોરોનાની મહામારીમાંથી મુક્ત થાય એવી પ્રાર્થના, આવો આપણે સૌ ભેગા મળીને ભગવાન બાબાના ચરણોમાં કરીએ.

આપણે સૌ દર મહિને સનાતન સારથિના માધ્યમથી ભગવાન બાબાનો દિવ્ય સંદેશ પ્રાપ્ત કરીએ છીએ. આપણે સૌ વાચક ગણ ભગવાનની આ દિવ્ય કૃપાને અનેક લોકો સુધી પ્રસરાવે તેવી હું નમ્ર અપીલ કરું છું. સનાતન સારથિના નવા ગ્રાહકો માં વધારો કરાવી ભગવાન બાબાના કૃપા પાત્ર બનીએ અને નવા ગ્રાહકોને ભગવાન બાબાનો સનાતન સારથિના રૂપમાં દિવ્ય સંદેશ પહોંચાડવામાં નિમિત્ત બનીએ.

આપણે સૌ અત્યારે તા. ૨ ઓક્ટોબર થી ૨૦ ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન 'સ્વચ્છતાથી દિવ્યતા સુધી' કાર્યક્રમ અંતર્ગત, સમગ્ર દેશમાં સ્વચ્છતા અને વૃક્ષારોપણ જેવી અનેક પ્રવૃત્તીઓ કરી રહેલ છીએ. આ કાર્યક્રમનો વિસ્તૃત અહેવાલ આવતા મહિને સનાતન સારથિના અંકમાં પ્રકાશિત કરીશું.

સદા સાઇ સેવામાં - હેમંત ડી. પટેલ (રાજ્ય પ્રમુખ)
શ્રી સ. સા. સે. સંગઠન, ગુજરાત

તંત્રી સ્થાને થી...

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ... સૌને જય સાઇરામ,

'સ્વામી' ની અસીમ કૃપાથી અને સનાતન સારથિ ટીમ ના સૌ સક્રિય સભ્યોની સેવાના સહકારથી સનાતન સારથિનો અંક આપના હાથમાં જોઇને ખૂબ સંતોષ થાય છે.

દિવાળી અને બેસતુ વર્ષ અંતર્ગત આવતા તહેવારોની આપણે સૌ રાહ જોઇ રહ્યા છીએ. અને સામાન્ય રીતે એ અરસામાંજ આપને આ અંક મળશે.

સનાતન સારથિના સૌ વાચકગણ, ગ્રાહકગણ અને તેમના પરિવારને દિવાળી અને બેસતા વર્ષ નિમિત્તે મંગલ શુભભાવનાઓ અને સૌના કલ્યાણ માટે ભગવાનને ચરણે નમ્ર પ્રાર્થના.

હાલના સંજોગોમાં आरोग्यं धनसंपदा આ સૂત્ર અગત્યનું છે. પાછલા આશરે ૧૯ મહિનાની પરિસ્થિતિને આપણેઅનુભવી ચુક્યા છે. ભગવાનની કૃપાથી આપણે કોરોનાની મહામારીથી રક્ષિત છીએ. તો બસ આપણા આરોગ્ય ને જ સૌથી કિંમતી ધન માનીને આપણે પણ એ દિશામાં 'સ્વામી' એ બતાવેલ માર્ગ પર ચાલીએ જેમકે શારીરિક આરોગ્ય માટે ૧) ઘરનું અન્ન સેવીએ, ૨) વ્યસનોને છોડીએ. માનસિક આરોગ્ય માટે ૧) સારા સકારાત્મક વિચારોનું સેવન અને અમલ, ૨) સત્સંગ - વ્યક્તિઓનો / સાહિત્યનો / સંગીતનો.

परोपकारार्थं इदं शरीरम् આ શરીર બીજાઓની સેવા માટે છે. 'સ્વામી' આ સંદેશ પોતે જીવ્યા; આપણે પણ જીવીએ.

આવો નવા વર્ષે એક સંકલ્પ લઇએ. ઘરમાં યુવાન પુત્રો/પુત્રીઓ/વહુઓ અને બાળકો સાથે અઠવાડિયે એક દિવસ એક કલાક સાઇ સત્સંગ સભા કરીએ.

ભગવાન બાબા આપણા સૌ પર કૃપા વરસાવે એજ પ્રાર્થના સાથે.

સૌને જય સાઇરામ - સતીશ એમ. બોકીલ
(તંત્રી - સનાતન સારથિ ગુજરાતી)

Publication Date : 20/10/2021

**સનાતન સારથિ**

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

Place of Posting - Vadodara (H.O.)



## સામાન ઓછો, આનંદદાયક પ્રવાસ

જીંદગી એ ગાડીના પ્રવાસ જેવી છે, નાના બાળકોને ખૂબ માર્ગ કાપવાનો છે, પણ મોટેરાઓને ગાડીમાંથી ઉતરવાનો સમય બહુ ઓછો છે. તમારે તમારો પ્રવાસ સુખસગવડ ભર્યો બને તે માટેનો ખ્યાલ રાખવો જોઈએ. ભારે અને બીનજરૂરી સામાન તમારે સાથે લેવો જોઈએ નહિ, નહિ તો પ્રવાસ અગવડ ભર્યો બનશે. બીજાઓના દોષો શોધવાનું કે તેમની સાથે ઝઘડવાની વૃત્તિ ન રાખો. માત્ર તમારા જ માટે શ્રેષ્ઠ વસ્તુઓ પ્રાપ્ત કરવાની ઈચ્છાઓ ન રાખો. તમારી પાસે સારી વસ્તુઓ હોય તે બીજાઓને વહેંચવાની ભાવના રાખો, ક્રોધ, તિરસ્કાર, ઈર્ષા એ ખૂબ જ ભારે સામાન છે. આ સામાન પ્રવાસમાં તમારી સાથે ન રાખવાની હું તમને સલાહ આપું છું.

- બાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.